
નરોતમ શેઠની નવી



કિમ્મત ચાર આના.

સમી-સાંજ ઑફિસ
સુરત.

પ્રકરણ ૧ લું.

નરોતમ શેઠની નવી.

નરોતમ શેઠ બેઠી દડીના–અઢાણાની બરણી જેવા દશા શ્રીમાળી વણીક ગૃહસ્થ હતા. પંચાવન–સત્તાવન દીવાળીના દીવા જોઇને ઝાંખી થયલી તેની આંખો દશ ફીટથી લાંબે સુધી નજર ફેંકવાની હિમ્મત કરી [illegible]ની નહિ છતાં ચશ્મા પહેરવાથી આંખ ખરાબ થઇ જાય છે એમ [illegible]ની તેનું ફુટબોલ જેવું શરીર રૂપીઆના દશ શેર ઘી ખાનારાની યાદ આપતું હતું. દશા શ્રીમાળી કોમની ચાર ચાર જુવાન વાણીઅણીઓને નરોતમે ચુડીચાંદલા સાથે કંકુ ઉછાળતી વૈકુંઠ લોકમાં મોકલી આપી હતી અને ચાર ચાર ગૃહિણીઓ પાછળ પાણી પેઠે પૈસા વાવરવા છતાં બેકદર ભગવાને નરોતમ શેઠનો "જુ" નર્કમાંથી ઉદ્ધાર કરનાર કોઇ નરપુંગવ તેને બક્ષીસ આપવાની ઉદારતા બતાવી ન્હોતી. બે રોટલી ખાતાં નરોતમના પેટમાં વીચીત્ર જાતના યંત્રનો ગડગડાટ શરૂ થતો અને ચાર પાંચવાર ઘરને આંગણેજ મોરચો નાખી ઉભેલા પહેરેગીર જેવા સંડાસમાં હવા ખાવા શીવાય તેને ચેન પડતું નહિ. ધુળેલી દાઢીપર હાથ ફેરવતો તે ભોંયતળીએ હીંચકે બેસીને [illegible]માના ચોપડા ઉથલાવતો ત્યારે દાતણ વેચનારી વાઘરણો પણ નરોતમ શેઠને જોઇ હસી પડતી અને વાઘરણોનું હાસ્ય જોઇને નરોતમને એવોજ ભાસ થતો કે નિંદાખોર દુનીઆદારીઆ ભલે તેને બુઢો કહે પણ વસ્તુતઃ [illegible] ખડખડ પાંચમ થઇ ગયો ન્હોતો.

તે હજુ પણ જુવાન છે, અને કોઇ વાણીયણીને "સૌભાગ્યવતી"નો અણમૂલો ટાઇટલ આપવાને હકદાર છે એવી તેની માન્યતાને ટેકો આપનારી ઘરમાં તેની બાળ વિધવા બ્હેન હતી. નવ વર્ષની કુમળી વયે રાંડયા પછી આખું જીવન હવેલી અને મંદિરના જડસુ અને બંગેરી મુખીબાઓ અને સમાધાનીઓના સહવાસમાં ગાળવાથી નરોતમની બહેન મંછીમાં હૃદય જેવી કોઇ ચીજજ રહી ન્હોતી. શ્રીનાથજી બાવા કોઇ ગોંસાઇના બાળકના કાનમાં જેમ ફુંક મારે, તેમજ આ દુનીયાનો વહેવાર ચાલ્યા કરે છે એવી તેની ન તુટે એવી માન્યતા હતી. તેને આંગણે કોઇ અશક્ત, લાચાર, પાંગળો ભુખે તરફડીને મરી જાય, તોપણ મરજાદણ મંછી ઠાકોર સેવામાંથી ઉઠી તેને પાણી પાવા જતી નહી. પંબ કોઇ વર્ષ...

કે મુખીઓ "જે શ્રી કૃષ્ણ"નો બંસાસુર અવાજ પાડી ઘરમાં દાખલ થતા કે મંછી તરતજ હાંફળી ફાંફળી થઇ જઇને "આવો વૈષ્ણવ! પધારો વૈષ્ણવ! પરમા મારા વ્હાલા!—" કરવા મંડી જતી. આ મંછીને મયાશંકર સમાધાની સાથે દીલોજાન દોસ્તી હતી. બન્નેની જુવાની સાથે સાથેજ વહી ગઇ હતી, અને હવે તો બન્નેના મ્હોડા પર કરચલી વળી હતી, નાકમાંથી ચોડા નીકળતાં હતાં, આંખો ફીકી પડી ગઇ હતી, ગાલ બેસી ગયા હતા અને કાળા વાળની જગ્યા રૂના તાંતણાઓએ લીધી હતી. આમ હોવા છતાં મયાશંકર ગોર અને મંછીની નજરે નજર મળતી, ત્યારે બંને હસી પડતાં. મંછીનો તે વફાદાર સલાહકાર હતો. મંછી જે કહે તેમાં સુર પુરવાને તે હંમેશાં તૈયાર રહેતો. યજમાન રાજાની ખુશામત કરીને, લોકોને ધર્મને નામે વહેમના જુઠા જાળામાં જકડી રાખીને અને ધર્મઘેલા લોકોને એક હજાર ને આઠ નર્કનો ભય બતાવીને તેણે પોતાનું હોજરૂ ભર્યું હતું! સંસાર જેવી કોઇ ચીજ સાથે તેને કટ્ટો અસહકાર હતો. જો

શ્રીજી બાવાની મુર્તિ તેને ઠોર ને મશીહાપાક આપવાની નહી હોય, તો એજ મુર્તિને પાંચ રૂપીઆ લઇ કોઇ પ્રાચીન સંગ્રહસ્થાનમાં મુકી આવતાં મયાશંકર અચકે એવો ન્હોતો. મંછીએ આ સ્વાર્થાંધ અને લોભી બ્રાહ્મણના કાનમાં ગુરૂમંત્ર ફુંક્યો હતો કે, નરોતમને પરણાવી તેના બાપ-દાદાઓને સ્વર્ગમાં શ્રાદ્ધના લાડુ ખવાડનાર કોઇ દીકરો ઉત્પન્ન કરવાની ખાસ જરૂર છે.

"સાંભળો કે નરોતમભાઈ! આ મંછીબ્હેન કહે છે તે ખરી વાત છે હો!" મયાશંકરે મંછીનું હારમોનીયમ વગાડવા માંડ્યું.

"શું?" નરોતમે અજાણ્યુ હોવાનો દંભ કરી, મોટી ફાંદપર હાથ ફેરવ્યો.

"શેઠ! તમારી તે કંઇ વય થયલી કહેવાય? તમારા જેવા તો પહેલી-વાર ઘોડે ચઢે છે પહેલી વાર!..."

"નહી ગોર મહારાજ! હવે ધોળામાં ધૂળ નાંખવી નથી." નરોતમે કહ્યું.

"સાંભળ્યું ગોર? હજુ એક બાલ તો ધોળો થયો નથી ને બત્રીસી તો આખી છે છતાં ભાઇ આડા થાય છે." વિધવા મંછી બોલી. નરોતમ ધોળા બાલ કલપ લગાવી કાળા રાખતો હતો અને તેના દાંતમાં બનાવટી દાંતની બત્રીસી હતી એ વાત મંછી જાણતી હતી. છતાં આ રૂઢીગ્રસ્ત વિધવા એક નવી વિધવાને સમાજના ખપ્પરમાં હોમવા તત્પર થઇ હતી. "ભાઇ! આ ઘરડે ઘડપણ હું તે કેટલો વખત ચુલો ફુકું? રંભા વહૂ બારગે લાગ્યાને વરસ દહાડો થવા આવ્યો—હવે તો કંઇ વિચાર કર."

"પણ ગાંડી! કન્યા ક્યાં છે?"

"કન્યાનો ક્યાં દુકાળ છે? પાંચ વધતા કે પાંચ ઓછા! તું એકવાર હા પાડને—"

"જા ભાઇ! હા—" નરોતમે હસીને હા પાડી અને મંછી વરતજ નવી ભાભી શોધવાને મેદાને પડી. મયાશંકર ગોરને તેણે જાળ પાથરવાની આજ્ઞા કરી. આ બ્રાહ્મણ પૈસાને માટે ગમે તેવાં નીચ કર્મ કરનાર ચાંડાલ હતો. તેણે બે ત્રણ દીકરીવાળાને ત્યાં જઇ નરોતમ શેઠની ભટાઇ ગાવા માંડી.

"રણછોડભાઇ! નરોતમ શેઠ તે નરોતમ શેઠજ છે હો! શું ભક્તિ? શું શ્રીનાથજી બાવાપર પ્રેમ? ને મંછીબાની તો વાતજ ન પુછો! જો તમારી દીકરી એમને ત્યાં જશે તો સુખી થશે. પછી તો શેઠ! તમે જાણો. આપણે જાણીએ કે રણછોડભાઇની આપણા પર ઘણી મમતા છે તેથી લીલીને સારે ઠેકાણે નખાતી હોય તો જરા ગ્હોં હલાવીએ." મયાશંકરે રણછોડદાસ નામના ગૃહસ્થને ત્યાં જઇ તેની સ્ત્રી જમનાની હાજરીમાંજ વાત કરી. રણછોડદાસ જુના વીચારનો હતો. પણ તે ચૌદ વરસની દીકરીને પંચાવન વરસના ખખ સાથે આપવાને રાજી ન્હોતો. તેની સ્ત્રી જમના તેનાથી પુરી હતી. લીલી ચૌદ વરસની થઇ જવાથી હિંદુસ્થાનની ગરમ હવાને લીધે તે કોઇ મહાન ઉલ્કાપાત કરી નાંખશે તે માટે તેને જલદી જલદી પારકી કરી નાંખવાની જમનાને ખાસ ઉતાવળ હતી. લીલી કુંવારી દશામાં રજસ્વલા થવાથી જમના પહેલા નંબરનું સ્વર્ગ તો ગુમાવી બેઠી હતી. પણ હવે સાપનો ભાર માથેથી હળવો કરી લીલીને કન્યાદાનમાં સમર્પણ કરી બીજા યા ત્રીજા નંબરના સ્વગ માટે તે કોઇ બ્રાહ્મણ પાસે પરવાનો માંગતી હતી.

"મયાશંકરભાઇ! ઉતાવળ શી છે? લીલીના ભેલા જ્યાં બાંધેલા હશે ત્યાં જશે—"

"ઉતાવળ નથી?" જમના વચ્ચે તડુકી ઉઠીઃ "દીકરી ચૌદ ચૌદ વરસનો ગોધો થઇ, પણ તમારી આંખ ઉઘડતી નથી. હાથી દરબારે ને

દીકરી પરણાવે શોભે–સમજ્યા! તમને શું છે? લોકો મારૂં નાક કુંપી ખાય છે. કહે છે આવી મોટી ગોધા જેવી છોકરીને પરણાવતા નથી! મારા માબાપે તો મને આઠમે વરસે પરણાવી ગૌરીદાન કરેલું...” આઠમે વરસે પરણનારી જમના તેરમા વરસથી છોકરાં જણીને પચીસમે વરસેજ આધેડ થઇ ગઇ હતી, અને તેના છોકરાં રોગી તથા માયકાંકલા જેવા હતા તેની તેને દરકાર ન્હોતી. જમનાને તો બાપના કુવામાં ડુબી મરીને પરભવનું ભાથું બાંધી લેવું હતું. રણછોડદાસમાં પણ ઝાઝી પહોંચ ન હતી, એટલે તે બૈરીની દલીલ સાંભળી વીચારમાં પડયો.

“નરોતમ શેઠની ઉમ્મર કેટલી હશે?” તેણે ગોરને પુછ્યું.

“હશે–પાંત્રીસ ચાળીસ! શેઠ! વીચાર કરવા જેવું કંઇ છેજ નહી. એ તો એજ! કરો કંકુના! તમારી દીકરીનું ભાગ્ય સારૂં છે કે આવે ઠેકાણે પડશે! ત્રણ ત્રણ ઘર છે–પાસે વીસ પચાસ હજારનો જીવ છે અને વળી મરજાદી છે–”

“હા–હા–ગોર! તમારી વાત ઠીક છે. દીકરી રોટલે રડતી આવવાની નથી.”

“ત્યારે ગોર! તમે જરા નરોતમ શેઠને પૂછી જોજોને!–”

“ભલે–પણ આ લો! આયુષ પણ સો વરસનું છેને! આ શેઠના બ્હેનજ અહીં આવ્યા.” સંતલસ પ્રમાણે મંછીને આવતી જોઇમયાશંકર બોલ્યો.

જમના ભવીષ્યની વેવણને જોઇ હસતી હસતી તેને આવકાર આપવા ઓટલા પર દોડી ગઇ.

“આવો! આવો! મંછાબ્હેન! જે શ્રીકૃષ્ણ!–”

“જે શ્રીકૃષ્ણ! રણછોડભાઇ! જે શ્રીકૃષ્ણ! મયાભાઇ! જે શ્રી કૃષ્ણ!–” મંછીએ ઘરમાં પગ મુકતાં સાથેજ મરજાદના મંત્રો પુકાર્યા અને જમનાની પાસે સાદડી પર ગોઠવાઇ.

"મંછા બહેન!" જમનાએ વાત ઉપાડીઃ "અમારો વિચાર અમારી લીલી તમારા ભાઇ સાથે આપવાનો થાય છે–"

મંછા મનમાં મલકાઇ પણ મ્હોડેથી ભાવ ખાવા લાગીઃ "અરે! જમના બહેન! તમારો વિચાર હતો તો પહેલાંથીજ કહેવું હતું'ને! હું હમણાંજ પેલા ગોળવાળાની દીકરી હીરાનું માગું કબુલી આવી."

"નહિ. નહિ. મંછી બહેન! આપણા ઘરનો તો જુનો સંબંધ છે. અમારી લીલીજ લો! ચૌદ વરસની છે–"

"એમ! હીરા બાર તેર વર્ષની છે. વારૂ. તમારૂં માન રાખ્યા વીના ચાલતું નથી. પણ લગ્ન ક્યારે કરશો?"

"તમે કહો ત્યારે! આ વૈશાખમાં—"

"હો. બહેન! હવે હું ઘરડી થવા આવી. મનમાં એમ છે કે આ જુવાનજોધ ભાઇને આ નજર સામે ઘોડે ચડેલો જોઇ લઉં—"

"મંછા બહેન! તમે કહો તેમ કરશું. પણ નક્કી હો! હવે ફરાશે નહિ."

"મંછી બહેનનો બોલ એટલે રામચંદ્રનું વચન!–" મયાશંકર ગોર બોલ્યો.

"આરે ગોર! જન્માક્ષર જુઓને–" કહી જમનાએ લીલીના જન્માક્ષર મયાશંકરના હાથમાં આપ્યા. મયાશંકરે પોતાના ગજવામાંથી નરોતમ શેઠના જન્માક્ષર કાઢયા અને પાંચ મીનીટમાં ધન, મકર, કુંભ, વીંછી, માંકડ ચાંચડ વીગેરે વીગેરેની ગણત્રી કરીને નરોતમ અને લીલીની જોડી શીવ પાર્વતી જેવી નીવડશે એવો અભીપ્રાય આપ્યો.

"ત્યારે! આજેજ રૂપીઆ ને નાળીએર મોકલી આપો. સારૂં મુહુર્ત જોઇ લાન ભરી જઇશું." મંછીએ કહ્યું અને ચૌદ વર્ષની મુગ્ધા લીલાને નરોતમ શેઠની નવી બનાવવાનું કંત્રાક્ટ થઇ ગયું.

પ્રકરણ ૨ જું.

લટકાળી લીલી.

રણછોડદાસની પુત્રી લીલા એંશી વસંત મ્હાલી પંદરમી વસંતને વધાવવા તૈયાર થઇ રહી હતી. તેની મા જમનાને ગલઢુથીમાંથી એવા મંત્રો ભણાવવામાં આવ્યા હતા કે "છોકરી જાતને વળી ભણાવવાની કેવી? ભણે તે તો વંઠી જાય! છોકરીઓને ક્યાં નોકરી કરવા જવું છે કે તેને ભણવાની જરૂર પડે!" તે જાતે કાળા અક્ષરને કુટી મારે એવી હતી અને જો તેનું ચાલત તો લીલાને ભણવા નજ દેત; પણ સુરતની મ્યુનીસીપાલીટીનો ફરજીયાત કેળવણીનો કાનુન તેને રાહુ જેવો નડયો અને દંડ થવાની બીકે તેણે લીલાને કન્યાશાળામાં જવા દીધી. છોકરીઓ સડસડાટ વાંચતી થઇ જાય અને લહેકાથી તાળીઓ લઇને

"મારા કેસર ભીના કંથ—"

ની ગરબી ગાય તે જમનાને મન પૃથ્વીના પ્રલયની નીશાની હતી. તેની હવે ખાત્રી થઇ ગઇ હતી કે હડહડતો કલીજુગ આવી ચુક્યો છે અને પૃથ્વીને આ ભણેલી બાયડીઓ રસાતળમાં લઇ જવાની છે. હજુ દુનીઆ જેવી ને તેવી હતી અને રસાતળમાં જવાને બીલકુલ તેયાર થઇ ન્હોતી તેથી જમનાને ભારી અજાયબી ઉપજતી હતી.

"ગોર મહારાજ!" મંડી વિદાય થયા પછી તેણે મયાશંકર ગોર સાથે મસલત કરવા માંડીઃ "તમે મારી લીલાને તો જોઇ છે! કેવી હીરા જેવી છોકરી છે! અમને છોકરીના પૈસા હરામ છે પણ તમે સમજુ છો! નરોત્તમ શેઠ શ્રીમંત છે અને અમે ગરીબ છીએ એટલે માંડવા ખર્ચ—"

"હા. ભોર !" રણછોડદાસે બૈરીની વાતમાં ટાપસી પુરીઃ "માંડવા ખરચનું થવું જોઇએ. તમને પણ રાજી કરીશું."

"રણછોડભાઇ ! તમારી દીકરી તે મારીજ દીકરી ! બોલો, કેટલા અપાવું ? ત્રણેક હજાર ચાલશે ?" મયાશંકરે મ્હોં મલકાવી પોતાનું બોખું મ્હોડું બતાવી કહ્યું.

"ત્રણ હજાર તો લગનના ખર્ચમાંજ જોઇશે. લીલીના નામપર બે ત્રણ હજાર રૂપીઆ મુકાવોને !"

"ભલે ! ભલે !...પણ....મને..."

"તમને એક હજાર આપશું.

"ત્યારે કરો કંકુના—" મયાશંકરે રણછોડદાસને તાળી આપી.

સત્તાવનમે વર્ષે ઘોડે ચઢી એક કુમળી આશાભરી કલીનું સત્યાનાશ વાળવા માટે મયાશંકરે નરોતમને સમજાવીને સાત હજાર રૂપીઆ ઓકાવ્યા ! તેમાંથી બે હજાર આ નીચ બ્રાહ્મણ હજમ કરી ગયો. પાંચ હજાર તેણે રણછોડદાસને આપ્યા અને તેમાંથી એક હજાર રૂપીઆની દલાલી પડાવી. દીકરીના વેપારનું સાટું નક્કી થયું. નરોતમને ત્યાં જઇ તે રૂપીઆ ને નાળીએર આપી આવ્યો. નાતમાં ગોળધાણા વહેંચાયા અને ઘરડા નરોતમને ત્યાં લગનની તૈયારી થવા લાગી.

લીલા ચાર ચોપડી ભણી હતી પણ બાળા ઘણીજ ચબરાક હતી. તેની મહેતીની તેના પર ઘણીજ મમતા હતી તેથી ચૌદ વર્ષની નાદાન બાળા નવા જમાનાના અનેક વિચારોથી માહિતગાર થઇ હતી. હિંદુ સમાજમાં દીકરીઓની કંઇ કીમ્મતજ નથી. બાગોળ પર વેચાતા શાકભાજીની પેઠેજ હિંદુઓ પોતાની દીકરીઓને વેચીને શ્રીમંત થવામાં શરમાતા નથી એ વાત લીલાને તેની મહેતી કંચને બરાબર સમજાવી

હતી. કંચન પણ કન્યાવિક્રય કરનાર નરપિશાચ પિતાના સ્વાર્થનો ભોગ થઇ સાઠ વર્ષના બુઢ્ઢાને પરણી "સતી ધર્મ પતિ સેવા" નો મહામંત્ર સીદ્ધ કરવા માટે મીંઢળ બાંધ્યા પછી તરતજ વીધવા થઇ હતી અને તેણે લીલાને કઠોર વૈધવ્યના કારમા પરીણામો થોડાઘણા સમજાવી દીધા હતા. નરોતમ જેવા ઘરડા બુઢ્ઢા સાથે લીલાની સગાઇ થવાની વાત સાંભળતાંજ કંચનને પગથી માથા સુધી ઝાળ વ્યાપી ગઇ. તેણે શાળામાં રજાના વખતમાં લીલાને પોતાની પાસે બોલાવી તેના માથા પર લાગણીભર્યો હાથ ફેરવી કહ્યું: "બહેન! પરણવું એટલે શું તે તું સમજે છે?"

"હા. તમેજ મને સમજાવ્યું હતું ને કે પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં...."

"બરાબર! નરોતમ જેવા તારા બાપ જેવડા ગૃહસ્થ સાથે પરણવાથી તું સંસારમાં સ્વર્ગ ઉતારી શકશે?" કંચને પુછ્યું.

"નહી. મારા સંસારની હોળી થઇ જશે."

"તો પછી તું તારા માબાપને આ સગાઇ તોડી નાખવા શા માટે સમજાવતી નથી?"

"કંચન બહેન! તમે બધું જાણો છો. દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય! મારી બા અને બાપુને દીકરી ગમતી નથી. પણ નરોતમની તીજોરીમાંના ખણકતા રૂપીઆ બહુ ગમે છે."

"બહેન! તારા બાપુના સ્વાર્થ માટે તું તારી જીંદગી મુગે મ્હોડે પાયમાલ થવા દેશે?"

"નહી. હું એવી ભયંકર જોગણી બનીશ કે જેના ખપ્પરમાં બધા હોમાઇ જશે." લીલાની આંખોમાંથી જ્વાલા નીકળવા લાગી. તેનું ઉગ્ર ચંડિકા સ્વરૂપ જોઇ કંચનને ભય લાગ્યો.

"બહેન ! પાણી પહેલા પાળ બાંધવામાં ડહાપણ છે. હજુ પણ તારા બાપુને સમજાવ..."

"કંચન બહેન ! હું મારો જાન પટકી નાખું તોય મારા માબાપ સમજવાના નથી ! તેઓ તો હું જાણે સડેલું ફણસ હોઉની તેમ મને જલદી જલદી ફેંકી દેવા માગે છે ! આપણા દેશની ગરમ હવાને લીધે મારા જેવી ગોધા જેવી દીકરી નરોતમ જેવા કામી કુતરાની નવી નહી થાય ત્યાં સુધી મારી માતાને ઉંઘ પણ આવવાની નથી..."

"ત્યારે તુ શું કહેવા માગે છે ?"

"તમે જો જો તો ખરા ! ચોથી તો તમારી ફુંને ! હું એ ઘરડા વાંદરાને લોખંડના ચણા ચવાડીશ." કહી લીલા ત્યાંથી નીચું જોઇ ચાલી ગઇ અને કંચન ગોઝારી સમાજની ભયંકર વેદી પર અપાનારા આ બળીદાન માટે અફસોસ કરવા લાગી.

લીલા ઘેરે ગઇ ત્યારે જમના નાતની સ્ત્રીઓને ભેગી કરીને વડી પાપડ કરતી હતી.

"માલણ ગુંથી લાવ ગુલાબનો ગજરો;
એ ગજરાનો આપીશ મુજરો... ..."

આ ગીત સાંભળી લીલાએ મ્હોં મચકોડયું.

"આ ! ગુલાબના ગજરા કોને પહેરાવશો ?"

"તનેરતો દીકરી !..." જમના હસીને બોલી.

"પહેરાવજો તારા વાંદરા જેવા જમાઇને !..." આટલું કહી લીલા રોષભર માળપર જઇ રોવા લાગી.

"જોયું ? આ બધા દીકરીઓને ભણાવવાના પરિણામ ! હું એના બાપને કહેતી હતી કે પેલા જાંગલા અંગ્રેજો અને પારસીઓની પેઠે દીકરીને ના ભણાવોરે ! ના ભણાવો ! પણ આપણું કોણ સાંભળે બહેન ?

રાંડ છકી છકીને કેવું બોલતાં શીખી છે !" જમના ગુસ્સે થઈ બૈરાંઓ સાથે વાત કરવા લાગી.

"જમના બહેન ! એ વંઠેલીઓની વાતજ ન કરો ! મારી પડોશમાં પેલી નાગરાણી રહે છેને તે હાથમાં છત્રી લઈને ફરવા જાય છે ! કહે છે કે છત્રી વીના તડકો લાગે ! ઓ મારે ! હજુ તમારી બીલી તો નાદાન છે એટલે ઠેકાણે આવી જશે. પણ બાઈ ! આ અંગ્રેજી ભણેલીઓથી તો તોબાહ..."

"ને આજકાલના છોકરાઓ પણ કેવા છકી ગયા છે ! પેલા ભાટીઆ મહલ્લામાં સુખા કોઈ પરવારતાઓનું "જુથ" (યુથ લીગ) છે. આ શરમ વગરના છોકરાઓ કહે છે કે અમે બારમા તેરમાના લાડુ નહીં ખાઈએ, સીમંતની નાત નહી જમીએ અને પચાસ વરસના ડોસાને વરઘોડે પણ ચડવા નહી જઈએ..."

"તેમાં એ બોડકાના બાપનું શું જાય છે ? છોકરી મારી છેને ! હું એને ગમે ત્યાં પરણાવીશ..."

"હારતો વળી ! એ લોકો ધરમનીમ પાળતા નથી. બ્રાહ્મણોને પગે લાગતા નથી. ઉલટું કહે છે કે આજકાલના બામણો તો ભીખારડા છે. એવી નીંદા કરનારાના મ્હો કાળા થજો..."

વડી પાપડ વણતાં વણતાં જમનાના સંઘની સ્ત્રીઓ આ જાતના લવારા કરતી હતી અને લીલા માળપર બેઠી બેઠી આ ઓચિંતી લગ્ન જાળમાંથી છટકી જવાની યુક્તિ શોધતી હતી. ઘણી વાર વિચાર કર્યા પછી તે કંઈ નિશ્ચય પર આવી. ટેબલપર જઈ તેણે નીચેની ચીઠ્ઠી ચીતરી કાઢી.

શ્રીમાન નરોતમ શેઠ,

આપ મારા ભાવી પતિ છો. આપના રૂપ ગુણની શી તારીફ કરૂં ! નાકમાંથી લેંટ નીકળે, ક્લાઈ કરેલી ટાલ પર ફરફર ચોટલી ઉડે, મ્હોમાં

કરચલીઓ પડી રહે, આંખો પુનેમની રાતે પણ કોઇ ચીજ દેખી ન શકે, દશ ડગલા ટટાર ચાલવાની તાકાત ન હોય–એવા આપ શ્રીમાનને બ્રહ્માએ રતીપતીના અવતાર તરીકે મારે માટે સુરતમાં જન્મ આપ્યો છે તે માટે હું બ્રહ્માજીની જન્માજન્મની ૠણી રહીશ. હું તમને પરણીશ કે તરતજ તમે ફુલપાડાથી યમનગરમાં જવાનો અશ્વનીકુમાર મેલ પકડવાના છો અને મને "ગંગા સ્વરૂપ" ના મહામોંઘા ટાઇટલનું દાન કરી હીંદુ સમાજના ઉજ્વલ વૈધવ્ય ધર્મનું પાલન કરવાની અણમોલી તક મને આપવાના છો તે માટે આપશ્રીની હું કઇ ભાષામાં પ્રશંસા કરૂં? હું આપની પાસે એકજ ભીક્ષા માગું છું અને તે એ કે ચોવીસ વર્ષના જુવાનની પેઠે ઘોડે ચઢીને મને પરણવા આવજો ને આપ મારોજ શીકાર કરવા ઘોડે ચઢયા છો તે જગત જાણી શકે તે માટે આખા મ્હોંપર મેશ ચોપડીને પધારજો.

લી. લીલી

આ પત્ર તેણે પોતાના નાના ભાઇ બાબુ સાથે નરોતમ પર મોકલી આપ્યો અને પોતે હસતી હસતી બેરાંઓ પાસે જઇ ગાવા લાગી:

"એક આવ્યો તો પરદેશી છોકરો
 બ્હેની રમતી'તી માંડવ હેઠ
ધુતારો ધુતી ગયો!"
બ્હેનડ મેલ્યા ઢીંગલીઆના ખેલને!
બ્હેનડ! મેલ્યા સહીયર કેરા સાથ!
બ્હેનડ ચાલ્યા સાસરે!

પ્રકરણ ૩ જું.

લીલીનો બળવો.

બાબુ લીલીની ચીઠ્ઠી નરોત્તમને આપવા ગયો, ત્યાં નરોતમ પોતાની બ્હેન મંછી સાથે મલકાઇ મલકાઇને નવી વહુની વાત કરી રહ્યો હતો. બાબુને જોઇ તેણે તેને વ્હાલથી પાસે બોલાવી પુછ્યું: "બાબુ! શું છે?"

"લીલીબ્હેને આ ચીઠ્ઠી આપી છે." બાબુ બોલ્યો.

મંછી તો આ વાત સાંભળી સડકજ થઇ ગઇ. પરણ્યા પહેલાં કોઇ મુગ્ધા પોતાના ભાવી પતીપર ચીઠ્ઠી લખે, એ ખ્યાલ તેને માટે નવો હતો. જો કોઇ બીજી છોકરીએ આવું કામ કર્યું હોત, તો આખી નાતની સ્ત્રીઓને ભેગી કરી મંછી એવી નીર્લજ્જ છોકરીની નીંદા કરવાનો ધંધો લઇ બેસત. પણ આ લીલા તો તેની ભાભી થવાની હતી. નરોતમ લીલાએ શા માટે ચીઠ્ઠી મોકલી હશે, તેનો વીચાર કરતો હતો એવામાં મંછીજ હસીને બોલી ઉઠી: "જોયું ભાઇ! ભાભી તો અત્યારથીજ તમારા પર ગાંડા થયા છે! ભણેલી ગણેલી છે એટલે તમારા પર મીઠી મીઠી વાતો લખી હશે. વાંચો તો ખરા–"

નરોતમે ચીઠ્ઠી ઉઘાડી. મહામહેનતે આંખોની છેક પાસે ચીઠ્ઠી ધરીને તેણે અરધા કલાકે ચીઠ્ઠી વાંચી, અને તેમાંના ભયંકર કટાક્ષ વાંચી તેનું મ્હોં ઉતરી ગયું.

"મંછી! આ તો કોઇ જોગણી લાગે છે. મને ખાઇ જશે–"

"જાઓ જાઓ! એવી અવર વાણી શું બોલો છો?"

"મંછીબ્હેન! આ જમા તો જાણે છે કે, મેશ મ્હોડે ચોપડીને માંડવે આવજો."

"શું હ હ હ?" મંછીના મગજની વરાળ એકદમ વધી ગઈ: "એક વરસની ટીચકીનો આટલો બધો મીજાજ? બાઇ! તું ગભરા ના. હું હમણાંજ જમના બ્હેનને મળીને એનો વાંસો હલકો કરાવું છું." આટલું કહી મંછી વકરાયલી વાઘણ જેવી વેગણને ઘેર પહોંચી અને તેણે જમના સામે લીલાના અક્ષમ્ય અપરાધની ફરીયાદ કરી. જમનાના સનાતની ભેજાનું બોઇલર ફાટયું. રોગી, રગતપીત્યા, વૃદ્ધ અને બ્યંડળ પતીને પણ હીંદુ સ્ત્રીએ તો આ લોક અને પરલોકનો સ્વામીજ માનવો જોઇએ. પતીરાજ એક જીવતી પર બીજી પાંચ પરણી લાવે, શરાબની ધુનમાં રાતદીવસ મસ્ત રહી નીર્દોષ પત્નીના હાડકાં ભાંગી નાંખે, વેશ્યા વીહારના ઝેરી નાદથી વીસ્ફોટક જેવા ભયંકર રોગની પત્નીને બક્ષીસ આપે. તો પણ હીંદુ સ્ત્રીએ તો એવા નરાધમના પગ ધોઇને પંચામૃત પીવામાંજ જીવનનું સાર્થક માનવું જોઇએ એવી જમનાની માન્યતા હતી. લીલાએ પરણ્યા પહેલાંજ મહાન સતી ધર્મના ચુરેચુરા કરી નાખ્યા તેથી તેનો રૌરવ નર્કમાં પણ ઠાર થવાનો નથી એવો જમનાને ભય લાગ્યો. નરોતમ જેવા વાંદરાને મ્હોડે મેસ ચોપડવાથી સાત જીંદગી સુધી રૌરવ નર્કમાં સડવું પડવાનું હોય તો તે માટે પણ લીલા તૈયાર હતી. બાળા પ્રભુના પવીત્ર પયગામોની ગુલામ હતી. તે દંભી સમાજની કટ્ટી દુશ્મન હતી. સત્તાવન વર્ષના ઠચરાને પતી ગણવાને તેનો પવીત્ર અને બંડખોર આત્મા સાફ ના પાડતો હતો. તેના માતપીતા બલાત્કારે તેને નરોતમને ઘેર વેચી નાખવા તૈયાર થયા હતા. માં બાપનું દીલ દુભવી નાસી જવાની તેનામાં હીમ્મત ન્હોતી. જો તે નાસી જાય તો તેને કોઇ આશ્રય આપે

એવો સંભવ ન્હોતો. આ કારણસર તેણે માબાપને પૈસાદાર બનાવવા માટે નરોતમના ઘરની મોંઘી મજુરણ થઇને એ હવસી બુઢ્ઢાને લાકડાના લાડુ ખવડાવવાનો નીશ્ચય કર્યો હતો.

"લીલી! રાંડ કમજાત! કાળા મ્હોની! હરામખોર!–" જમનાએ લીલાને બુમ પાડવાં સૌજન્ય બતાવ્યું. તેનો ગીરીરાજ આ શબ્દો સાંભળી ભડકી ઉઠયો હશે!

"શું છે બા? આજે તને એક સામટા વીશેષણો વાપરવાનો શાથી શોખ થઇ આવ્યો?" ગૌરવ ભર્યા ડગલાં ભરતી લીલા જમનાની પાસે આવી બોલી. મંછીને જોતાંજ તે સમજી ગઇ કે તેની જોળી આબાદ લાગી હતી.

"તેં ચીઠીમાં શું લખ્યું હતું?"

"હાહાહાહા!–" લીલાએ ભયંકર હાસ્ય કર્યું "મેં તારા હીરા જેવા જમાઇને લખ્યું હતું કે ઘોડે ચઢો ત્યારે ચહેરાને શણગારવા કાળી મેસનો ઉપયોગ કરજો."

"રાંડ! ફાટી ફાટી છેકજ ફાટી ગઇ! કમજાત! તું મારે પેટે પથરો પાકી–" કહી જમનાએ લીલાના કોમળ ગાલપર પાંચ સાત તમાચા માર્યા. લીલાની મોહક આંખોમાંથી દડ દડ આંસુ વહેવા લાગ્યાં. તે માતાનો માર મુંગે મ્હોડે સહન કરી રહી. તે જાણતી હતી કે તેની અભણ મા ગોઝારી હીંદુ સમાજની ઝેરી માન્યતાઓની ગુલામ હતી. ઉપરથી સાક્ષાત ઇશ્વર નીચે આવીને જમનાને એમ કહે કે લીલાએ નરોતમને મેસ ચોપડવાનું કહેવામાં કંઇ ખોટું કર્યું ન્હોતું તો પણ તે માને તેવી ન્હોતી.

"કમજાત! આવો વર ને ઘર તને ક્યાં મળવાના હતા? બેચાર ચોપડા વાંચ્યા એટલે વંઠી ગઇ કે? તારા લાડ મારી સાથે ચાલવાના નથી. પગે લાગ–તારી નણંદને પગે લાગ ને માફી માગ–"

"મેં કંઇજ ખોટું કર્યું નથી એટલે હું કોઇની માફી માંગવાની નથી," રડતી લીલાએ હીમ્મતથી જવાબ આપ્યો.

"ઓહો! શો રૂઆબ! તું મારે ઘેર તો આવ-પછી તારી વાત છે." મંછી ગુસ્સે થઇ. જમના તો દીકરીનો જવાબ સાંભળી પગથી માથા સુધી સળગી ગઇ. તેણે બાજુમાં પડેલી લાકડી હાથમાં લીધી, અને નીર્દય રાક્ષસીની પેઠે લીલીના કોમળ બરડા પર પ્રહાર કરવા માંડયા.

"બા! તારે જોઇએ તો મને મારી નાંખ. તું મારી જનેતા છે. તારે હાથે મરી જવાનું મને પસંદ છે, પણ એ ઘરડા વાંદરાને હું કદી પણ ધણી ગણવાની નથી-"

"ચુપ મર-" જમનાએ બેત્રણ વધુ ફટકા માર્યા.

આ પળે ત્યાં લીલાનો બાપ રણછોડદાસ આવી લાગ્યો. દીકરી પર પડતો લાકડીનો માર જોઇ તે સ્તબ્ધ થઇ ગયો.

"શું છે?"

"તમારી ભણેલી દીકરીના ભવાડા!સ્તો! એ બલાએ નરોતમ શેઠ પર નહી લખાય તેવી ચીઠ્ઠી લખી-"

"રણછોડભાઇ! તમારી દીકરીને કોઠીમાં પુરી રાખો-મને મારા સાત હજાર રૂપીઆ પાછા આપો-પૈસા હશે તો હું લાખ ઘોડી ખરીદી લાવીશ..." મંછી બોલી. લીલાને આ શબ્દો સાંભળી આશા ઉપજી.

"બાપુજી! હું તમારી દીકરી છું કે રૂની ગાંસડી? તમારે મને રૂની ગાંસડીની પેઠેજ સાત હજાર રૂપીઆમાં વેચી નાંખવી હોય, તો મને ઝેર દઇ મારી નાંખો-"

"ચુપ રહે ગાંડી!" રણછોડદાસ બોલ્યો: "મંછા બહેન! લીલાનું મગજ જરા અસ્થીર છે તેથી એ લવારે ચઢી છે. હું એને વૈદની દવા અપાવીશ. તમે ફીકર ન કરો."

"રણછોડભાઇ ! તમારા બોલને માન આપવા માટે મેં એક તડાકે સાત હજાર કાઢી આપ્યા છે. મારા ભાઇ માટે છોકરીઓનો દુકાળ નથી હો ! હું ધારું તો પાનને ચુનો લગાડવા જેટલી વારમાં બીજી દશ લીલી શોધી કાઢું..."

"હા-હા. મંછી બહેન ! તમારા ભાઇ જેવા ખાનદાન, કુળવાન અને શ્રીમાન ગૃહસ્થને છોકરીઓના શા ટોટા ? હું લીલાને સમજાવી લઇશ. એને એની સુધારાવાળી મહેતીએ છકાવી મેલી છે. પણ આજથી હું એને "સતી મંડળ" ની ચોપડી વાંચવા આપીશ અને ધણી રોગી અથવા રગતપીતીઓ હોય પણ તેને ભગવાન ગણીને તેનું એઠું ખાવાથીજ સ્ત્રીઓને વૈકુંઠમાં હીંડોળે ઝુલવાનું મળે છે એવી એની ખાત્રી થઇ જશે."

"ભલે ત્યારે ! હું જાઉં છું. મારો જીવ તો એવો ખાટો થઇ ગયો છે કે સગાઇ તોડી નાંખું ! પણ તમારી શરમ નડે–"

"તમે બેફીકર રહો. લીલી સમજુ દીકરી છે. એ "સતીઓની વાતો" વાંચશે એટલે સીતા જેવી કામાગરી અને સહનશીલ થશે–"

"અથવા દ્રોપદી જેવી ચંડિકા બનશે–" લીલા ધીક્કારથી હસીને બબડી.

પ્રકરણ ૪ થું.

વાંદરાનો વરઘોડો.

લીલીનું બંડ જોઇ જમનાએ તેને વશ કરવા માટે તેનાપર સખત અંકુશ મુકયો. લીલી તેની મહેતી કંચન પાસે જઇ પોતાનું ભારી હૈયું ખાલી કરી આવતી હતી. પણ હવે તેને કંચન પાસે જવાની મના થઇ. જમના એમજ માનતી હતી કે કંચનજ લીલીને બહેકાવે છે. પોતાની દીકરી સાઠના સીમાડામાં પેઠેલા નરોતમને પરણી કદી સુખી થવાની નથી એ વાત જમનાના મગજમાંજ ઠસતી ન હતી. જો શ્રીનાથજી બાવાની કૃપા હોય તો સાઠ વર્ષે સંસાર માંડનારા પણ અરધો ડઝન સંતાનનો પીતા થાય છે અને રમણ રેતીમાં લોટવાનું સદભાગ્ય નહી મળ્યુ હોયતો વાંઝીયા મહેણું રહી જાય છે, એવી જમનાની ખાત્રી હતી. લીલી રોટલે રડતી આવવાની નથી. અને વીધાતાએ એને માટે નરોતમજ સરજ્યો છે એવી તેની અભંગ દલીલો હતી. તે છતી આખે દીવો લઇને અજવાળી રાતે દીકરીને કુવામાં નાખતી હતી. પણ તે કબુલવાને તે તૈયાર ન્હોતી.

રણછોડદાસ ગાજરીયું ટીલું તાણી જાણતો—મંદીરમાં જઇને ભંડારી અથવા મુખીઆ સાથે બેસીને ભાંગની પ્યાલી ચડાવતો અને એક જરીવાળાની દુકાને જઇને નાણું ચીતરી આવતો. સભા સમાજના દર્શન કરવાનો તે શોખીન હતો અને જો કોઇ દીવસ નાટકના પરદાના જેવો ટેરો ખાવી જતો તો આ ભોળાઓ બટાક સાંજ સુધી ઝુખ્યો રહેતો. આ સીવાય તેને દુનીયાનું ભાગ્યું તૂટ્યું જ્ઞાન ન હતું. તે જમના નચાવે તેમ નાચતો. જમનાના સામે થવાની તેનામાં હીમ્મતજ ન્હોતી. એટલે લીલીનું બંડ જો તે ચુપચુપ બેસીજ રહ્યો હતો.

અંતે લીલીને પીઠી ચઢી. લીલીએ ધીક્કારથી હસી હસીને પીઠી ચોળાવી.

“બા !....” ચાર સૌભાગ્યવતીઓ લીલીને પીળી વાઘણ બનાવતી હતી ત્યારેજ લીલીએ પુછ્યું : “પેલો વાંદરો ચટાપટાવાળો વાઘ થઇ ગયો હશે !...”

“એસ રાંડ ચીબાવલી !...” જમના ગુસ્સે થઇ.

“તે બા ! હજુ તો હું કુંવારી છું–બે દહાડા પછી સૌભાગ્યવતી થઇશ. છતાં તું મને રાંડ–રાંડ શા માટે કહે છે ? તારો વાંદરા જેવો જમાઇ ફુલપાડે જશે ત્યારે મને રાંડ કહેજે...”

“ઓ મારે ! આ બૈરીને કેમ પહોંચાશે ? શું ફાટું ફાટું બોલે છે !”

સતી ધર્મ પતી સેવા વાંચીને પતીનું જુઠણ જમવાને ટેવાઇ ગયેલી કેટલીક સતીઓ બબડી ઉઠી.

જેમ તેમ પીઠી ચોળવાનું પુરૂં થયું અને બૈરાંઓએ સોપારીને પૈસા મેળવવાની લાલચે ગીતો ગાવા માંડયા.

કંકુ છાંટી કંકોતરી મોકલો,
માંહી લખજો પરણે છે લીલીબાઇ;
વીવાહ આવ્યો ઢુંકડો...

હીંદુઓના લગ્ન ગીત એક અનેરો લ્હાવો છે. તેમાં જાત જાતના મોંઘા મનોરથો કવીઓએ ઉતાર્યા છે. પણ એ લગ્ન ગીતો લીલીને મન કરૂણ રાજીઆ જેવા હતા. બારણે ઢોલીઓ ઢોલ વગાડતા હતા. પણ તેમાંનું એક વીધવાનું કરૂણ રૂદન હૈયા ફુટી હિંદુ સમાજને સંભળાતું ન્હોતું.

લગ્નની ધમાલ શરૂ થઇ. જાતજાતની ક્રીયાઓ થઇ. અંતે લગ્નનો દીવસ આવ્યો. ગૃહશાંતી થઇ. મહેમાનો અને નાતીલાઓની આવજાવથી માંડવો ગાજી રહ્યો. સઘળા હોંસમાં હતા. દશા શ્રીમાળી વણીક જ્ઞાતીના

આ પુરૂષો બનીઠનીને નરોતમ અને લીલીના લગ્નમાં મહાલતા હતા. પણ લીલીને મન આ એક જાતનો ક્રુર ફારસ હતો. તે રડતી ન્હોતી, પણ તેની આંખોમાંથી અંગારા ઝરતા હતા.

સાંજે સાત વાગે નરોતમને વરઘોડે ચઢાવવાની ધમાલ થવા લાગી. નરોતમે બાજટ પર બેસી સ્નાન કર્યું. સત્તાવન વરસના બુઢ્ઢા ખખ્ખરને જરીનો જામો પહેરાવવામાં આવ્યો. માથા પર રાજવંશી પાઘડી મુકવામાં આવી, અને થોડાજ વખતમાં લીલી જેવી સૌન્દર્યવતી મુગ્ધાના માલીક થવાના તાનમાં નરોતમ હર્ષઘેલો થવા લાગ્યો.

નરોતમ ઘોડે ચઢ્યો. હાથમાં શ્રીફળ લઇ, અને તલવાર લટકાવી સાજનમાજન સાથે નરોતમ શેઠ લીલાને પરણવા ચાલ્યા. મોખરે ભરૂચાનું હીન્દુ બેન્ડ વાગતું હતું, અને બેંડવાળા પણ આ જુવાન વરરાજાને જોઇ હસતા હસતા જાતજાતની રાગણીઓ વગાડતા હતા. રખેને નરોતમનું શૂરાતન ઉભરાઇ જાય, અને તે જાનૈયાઓની કતલ કરી નાંખે એવા વીચારથી તેના ખભા પરની તલવારને લાલ કપડાથી ઢાંકી લેવામાં આવી હતી. રૂવાળાના ટેકરા પરથી વરઘોડો કેળાપીઠમાં જવાનો હતો. ભાગોળ પર આવતાં આ કોડીલા વરરાજાને જોઇ સુરતીઓ હસવા લાગ્યા. ઘાંચણો અને ગોલણો આ બુઢ્ઢાને જોઇ કંઇ કંઇ સરસ્વતી ભણવા લાગી, અને તે સાંભળી બેંડવાળાને પ્રેરણા થવાથી તેણે હરીહર દીવાનાનું ગાયન બેંડમાં વગાડવા માંડયું:—

બન્યા કમરા! કંઇ સાવધ થા
બુઝખ બુઢો ચસકેલ દીસે
આ ધનચક્કર મોહીની ઢીપપર
લટ્ટુ થઇને મરવાજ ધસે.

અહીં માંડવડો મંડાયો—ત્યાં કાષ્ઠ ગયા સમશાન
ચોરીને બદલે ચોકો ને રામ બોલો ભાઇ રામ!

"એ બેંડવાળા! કંઇ અક્કલ છે કે નહી? આ ગાયન શા માટે વગાડે છે? "ખુને જીગરકો પીતી" બજા–" એક જાનૈયાએ બેંડવાળાને શીખામણ આપી.

"અચ્છા સાબ!" કહી બેંડવાળાએ "ખુને જીગર" ઠોકવા માંડયું.

સુરતી સહેલાણીઓના અનેક ટોલટપા સાંભળતાં સાંભળતાં વરરાજા કેળાપીઠમાં કન્યાને માંડવે જઇ પહોંચ્યા. જમનાએ બુઢા જમાઇને પોંખ્યા. બે ત્રણ વાર તેનું નાક પકડી તેને નકટો બનાવ્યો. અને બબુચક જેવો નરોતમ તે જોઇ હસી રહ્યો. સાસુજીએ પોંખ્યા પછી વરરાજા મંડપમાં જઇ બેઠા. ગોર મહારાજે સાવધાનની નેકી પોકારવા માંડી અને લીલીનો મામો યથાસમયે આણીજને માંહ્યરામાં પધરાવી ગયો. લીલી ધુંધવાતી માંહ્યરામાં બેઠી. ગોરે વચમાં અંતરપટ પકડી રાખી શ્લોકો ગાવા માંડયા અને અંતે હસ્ત મેળાપનો સમય આવ્યો ત્યારે લીલીનો હાથ માંગ્યો.

"સબુર! ગોર મહારાજ! તમને પાપી પેટને માટે આ ગધેડા સાથે મારો હસ્ત મેળાપ કરાવતાં શરમ નથી આવતી? અને ઓ બુઢા વાંદરા! તું કયે મ્હોડે મારો ધણી થવા ઘોડે ચઢી આવ્યો છે? જા–તું મારો બાપ થાય..." લીલી માંહ્યરામાં ઉભી થઇ ગઇ. જાનૈયાઓએ દાંતમાં આંગળા ઘાલ્યા. નરોતમની સ્થીતી કાપો તો લોહી નહી નીકળે એવી થઇ ગઇ. રણછોડદાસને શું કરવું તે સુઝયું નહી. જુના વીચારના આ પુરૂષો લીલીને ફટકે ફટકે ગાળો દેવા લાગ્યા પણ એ બધા વહેંતીઆઓની લીલાને પરવા ન્હોતી. તે માંહ્યરામાં દ્રોપદી જેવી ઉગ્ર વદને ઉભી હતી. તેની આંખોમાંથી વીજળી ખરતી હતી. તેના ભવ્ય વદનપર નીશ્ચલતાની છાપ હતી. આ ગૌરવભરી મુગ્ધાનું તેજસ્વી વદન જોઇ બધા અવાક થઇ ગયા.

પ્રકરણ ૫ મું.

માંહ્યરામાં મહોકાણ.

લીલાએ માંહ્યરામાં ઉભા થઇને નરોતમ જેવા પોતાના બાપ જેવડા વરને પરણવાની ના પાડી, તેથી આખી નાતમાં હોહાકાર થઇ રહ્યો. બે પળ તો બધા ચકિતજ થઇ ગયા. હીંદુ સમાજમાં આવો બનાવ અગાઉ કદી બન્યો ન હતો. દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય. એ કહેવત આજ સુધી વીધાતાના લેખ જેવી અભંગ રહી હતી, પણ લીલીએ એ કહેવતને આજે ફગાવી દીધી. જાનૈયાઓ એક બીજાના મોઢાં જોવા લાગ્યા. નરોતમને તો ધરતી માર્ગ આપે તો સમાઇ જવાનું મન થયું. પણ તેના સદભાગ્યે પૃથ્વી માતાએ પણ માર્ગ આપ્યો નહી.

પાંચેક મીનીટ ધાંધલમાં—ગડબડાટમાં—બડબડાટમાં વહી ગઇ. પુરૂષોમાંથી કોઇ પ્રથમ બોલ્યું નહી, પણ લીલાનું બંડ જોઇને વીધવા મંછીનું બોઇલર ફાટયું.

"એ વેવાઇ! આ શું ફજેતીના ફાલકા માંડયા છે? સમજાવો તમારી દીકરીને; નહી તો નવા જુનું થઇ જશે."

મંછીની ગર્જના સાંભળી જમનાના દીલમાં હનુમાન દાખલ થયો. તે લીલાની કટ્ટી દુશ્મન થઇ ગઇ. તેનું વાત્સલ્ય સુકાઇ ગયું. તે ગુસ્સાથી લીલા પાસે ગઇ અને લીલાનો કોમળ હાથ જોરથી પકડી બેસાડી!

"બેસ રાંડ! કાળા મ્હોંની! બેસી જા—"

"બેસાડી દો બેને—ચાલો ગોર! જલદી કરો—હસ્ત મેળાપ કરાવો! એ ચુનીભાઇ! જીકાભાઇ! મણીલાલ! હરીલાલ! અહીં આવો. તમે બેસી રહેશો તો આખી નાતનું નાક કપાશે. વાણીઆની નાતમાં આવો

બતાવો કોઇએ જોયો હતો? રાંકને ન્હોતું પરણવું તો પહેલાંથી ના પાડવી હતીને? એવી એક નહી પણ એક હજાર લોંડીઓ મારા ભાઇને પરણા-વવાની મારામાં તાકાત છે....” મંછીએ માંડવામાં આમથી તેમ હેડંબાની માફક ફરીને નાતના જુના વીચારના પાઘડીવાળાઓને ઉશ્કેરી મેલ્યા.

“રણછોડભાઇ! આવી સ્વચ્છંદી છોકરીને શા માટે બહેકાવો છો? હાથ પકડીને બેસાડો માંડવામાં–” નાતના એક પટેલીઆએ કહ્યું.

“શેઠ! ઠંડા પડો. લીલા! બ્હેન! તું મારા ધોળામાં ધુળ નાંખવા માંગે છે?” રણછોડદાસ દીકરી પાસે જઇ કરગર્યો.

“બાપુજી! તમે ધોળામાં ધુળ નાંખવાની ફીકર કરો છો અને મારી આખી આશાભરી જીંદગીનું સત્યાનાશ વળી જાય છે તેનું શું?” લીલાએ નીડરતાથી સામો સવાલ પુછ્યો.

“બહેન! જેવું તારૂં નસીબ! જેવા છઠ્ઠીના લેખ!....”

“શું! છઠ્ઠીના લેખમાં એમ લખ્યું છે કે તમારે મડાં સાથે મીંઢળ બાંધવા?”

“એ ક[illegible]! તું મુંગી મર...” જમનાનો પીત્તો ગયો. તેણે લીલાને બેચાર [illegible] મારી જોર જબરીથી માંહ્યરામાં બેસાડી દીધી. મયાશંકર ગોરે ગમે તેમ અષ્ટમ પષ્ટમ કરી હસ્તમેળાપ કરાવી દીધો અને થાળી વગાડી જાહેર કર્યું કે લીલા નરોતમની નવી થઇ ગઇ છે! હવે ઉપરથી બ્રહ્મા ઉતરીને નીચે આવે તો પણ લીલી બીજા કોઇની બૈરી થાય તેમ નથી. હસ્તમેળાપ થતાંજ વાજાંવાળાઓ પોમ પોમ ટોમ ટોમ વગાડવા માંડ્યું. લીલીનો કોમળ હાથ પોતાના કરચલી વળેલા હાથમાં પકડી નરોતમ પાંચ મીનીટ પહેલાંની પોતાની ફજેતી પણ ભુલી ગયો. મંછીએ પોતાના કારભારીઓને સમજાવી જાનૈયાઓને નાળીએર અપાવી જલદી જલદી વીદાય

કરી દીધા. મયાશંકર ગોર લીલીનું બંડ જોઇ ડઘાઇ ગયો હતો. તેણે પણ સમય વર્તીને ગમે તેમ ગાડું ગબડાવ્યું. મંગળફેરા ફરવાનો સમય આવ્યો. લીલી ધીક્કારથી હસતી હસતી બે ફેરા ફરી અને પછી માંહ્યરામાં બેસી ગઇ. ગોરે તેને બીજા બે ફેરા ફરવાને ઘણી સમજાવી. પણ તે એકની બે ન થઇ.

"કંઇ નહી. કંઇ નહી. નરોતમ શેઠ! તમે પણ બેસી જાઓ. બ્રાહ્મણને વચને ને અગ્નીની સાક્ષીએ તમારાં લગ્ન પુરાં થયાં......" મયાશંકરે તોડ કાઢયો.

જેમ તેમ ગોર મહારાજે બધી ક્રિયાઓ આટોપી નાંખી. મંછી નવી વહુને આજને આજ ઘેર લઇ જઇને સીધી કરી નાંખવાને આતુર હતી એટલે તેણે જલદીથી વીદાય માંગી. જમના તેના સંપનીજ હતી. લીલાએ માંહ્યરામાં તોફાન કરીને સાત પેઢીનું નામ બોળ્યું હતું એમ માની તે આ ઓધા જેવી દીકરીને જલદી ઘરમાંથી હાંકી કાઢવા માંગતી હતી. રાતે બે વાગાને શુમારે વહુવરને વીદાય કરવામાં આવ્યા. નરોતમ ને લીલી છેડાછેડી બાંધી મોટરમાં બેઠાં અને વાજાં સાથે નવી વહુને ઘેર લઇ આવ્યા.

"હવે બતાવ તારો રૂઆબ! રાંડ બે બદામની લોંડી!..." ઘરમાં પગ મુકતાંની સાથે મંછીએ જાત બતાવી:

"મંછી બા! આજે શાંત રહો—એ સમજુ છે તે સમજી જશે—" નરોતમે બહેનને ઠંડી પાડવાનો પ્રયાસ કર્યો.

"શું શાંત રહું? આટલી અમથી વેંત જેવી છોકરી માંહ્યરામાં ઉભી થઇને કહે, કે મારે નથી પરણવું! પરણવું ન્હોતું તો શું જખ મારવા અહીં આવ્યાં?" મંછી બરાડી.

લીલી કંઈજ ન બોલી, તે ધીક્કારથી ઉભી ઉભી પોતાની વીધવા નણંદનો બકવાદ સાંભળી રહી.

"તને ઉધ આવે છે?" નરોતમ શેઠે નવી વહુને પટાવવા માંડીઃ "જા–મનમાં કંઇ ના લાવતી–એ તો હોય! જા. સુઈ જા! મંછીબ્હેનનો સ્વભાવ જરા ભડભડીઓ છે...."

લીલા કંઇપણ બોલ્યા વીના સીધી મેડી પર ગઇ, અને એક ઓરડામાં પથારી કરી અંદરથી બારણું વાસી પોતાના ભવીષ્યનો વીચાર કરવા લાગી.

"ઓ પ્રભુ! મારૂં શું થશે? મેં ભર નાતમાં આટલો બધો કકળાટ કર્યો પણ હૈયાફુટી નાતને મારી દયા ન આવી. હીંદુઓ! મારા જેવી કેટલી કુમળી કળીઓના બળીદાન તમારે લેવા છે? આ સત્તાવન વર્ષનો વૃદ્ધ મારો પતી ગણાશે–મારો આ લોક અને પરલોકનો સ્વામી મનાશે! છટ છટ! લીલી! આમ હીંમત શું હારી જાય છે? હજુ તો પાશેરામાં પહેલી પુણી છે. તું બંડ કરવા તૈયાર થઇ છે તો એવું બંડ કરી બતાવ કે આંધળી સમાજની આંખો ખુલી જાય! તું તારી ફરીઆદ–તારા અંતરનો કકળાટ એવા જોસથી રજુ કર કે બહેરી સમાજના કાનના પરદાજ ફાટી જાય! નરોતમ તારો કોણ? કોઇજ નહી. એને ને મારે કંઇજ સંબંધ નથી. મારા માબાપે પૈસાને લોભે મને એને ઘેર મોકલી છે તો હું નરોતમને બે ટંક રાંધી આપીશ ને બદલામાં પેટનો ખાડો ભરીશ. એ શીવાય નરોતમ સાથે મને કંઇજ સબંધ નથી. એ મારો પતી નથી, હું એની પત્ની નથી. એ મારો શેઠ અને હું એની રસોઇયણ છું. બસ! એ મારા હાથની રસોઇ જમતો; પણ એ શીવાય કંઇજ નહી..." મુગ્ધા લીલા આવા આવા વીચાર કરતી નીદ્રાધીન થઇ ગઇ.

પ્રકરણ ૬ ઠું.

નરોત્તમનો સંસાર.

લીલી યૌવન વસંતને આંગણે ઉભેલી પ્રભુની પ્યારી પુત્રી હતી. બાળાએ મુગ્ધ વયમાંથીજ પૃથ્વી પર સ્વર્ગ ઉતારવાના મનોરમ સ્વપ્નાં જોયાં હતાં. લગ્ન બાળકોની બે ઘડીની ઢીંગલા ઢીંગલીની રમત નથી. પણ પ્રભુતાને પામવાની ઇશ્વરી બક્ષીસ છે. બે આત્મા પરસ્પર સહાય કરીને આત્મામાંથી પરમાત્મો થવાની પુણ્યયાત્રા શરૂ કરે તેનું નામ લગ્ન ! લગ્ન એટલે પ્રભુતામાં પગલાં માંડવા ! આ અદ્દભુત મસ્તીભરી લીલાની ભાવના સૃષ્ટિ પર નરોતમ અને લીલીના માબાપે પાણી ફેરવી નાંખ્યું. મુગ્ધા હતાશ થઇ ગઇ. લગ્ન મંડપમાં ભર નાતની વચ્ચે બંડ ઉઠાવીને તેણે એવી આશા રાખી હતી કે નાતના જુવાનીઆઓ તેને બચાવી લેશે. વણિક નૌજવાનો આ કોમળ કુસુમ કચીને સમાજની વેદીમાં હોમાઇ જતી જોઇને ખળભળી ગયા હતા; પણ મોટેરાઓની સામે થવાની તેઓની હીંમત ચાલી ન્હોતી. અંતે મુગ્ધ-હાંસીલી-આદર્શઘેલી લીલી બલાત્કારે નરોતમને પરણી તેને ઘેર ગઇ, અને નરોતમે નવીને મનાવવા માટે મીઠી વલણ ધારણ કરી તેને મંજીના ક્રોધ-માંથી બચાવી લીધી હતી.

નરોતમને આખી રાત ઉંઘ આવી નહી. તે લીલાના ઓરડામાં જવાની હીમ્મત કરી શક્યો નહી. પથારીમાં પડ્યો પડ્યો તે વીચાર કરવા લાગ્યો: "મેં ખોટું તો કર્યું ! ક્યાં લીલી અને ક્યાં હું ? એ બાપડીની આશાભરી જીંદગીની ધુળધાણી કરવાનું પાપ મારેજ માથે પડશે..." માણસ શાંતીથી વીચાર કરે છે ત્યારે તેનો અંતરાત્મા ખોટા કામ માટે ડંખવા

વીના રહેતો નથી. હાકેમની સોટી કરતાં અંતરાત્માનો ડંખ વધારે ભયંકર હોય છે. નરોતમની ઝાંખી આંખો સામે એક કરૂણ અને ભયાનક દ્રશ્ય રજુ થવા લાગ્યું. તેને ભાસ થયો કે તેના જર્જરીત શરીરમાંથી જીવાત્મા ઉડી ગયો છે—ઘરમાં કાંણુ મંડાય છે—સ્ત્રીઓ તેના નામના છાજીઆ લઇ કુટે છે—લીલીના ચુડી ચાંદલા નષ્ટ કરી નાંખવામાં આવે છે અને કોઇ બે બદામનો હજામ નરોતમના દામાને દીને લીલીના રેશમ જેવા મુલાયમ વાળનું ખુન કરવા માટે પટપટી પર અસ્ત્રો ઘસી રહ્યો છે! જાગૃત અવસ્થાનું આ સ્વપ્નું જોતાં વૃદ્ધ નરોતમ ધ્રુજી ગયો. તેના આખા શરીર પર પરસેવાના રેલા ઉતારવા લાગ્યા. જાણે તે કોઇ ઘોર પાપ માટે ગુનેહગાર થયો હોય એમ તેને લાગ્યું. ભવાં દાબીને મગજ અને મનને શાંત કરવાના તે વલખાં મારવા લાગ્યો અને પંદર વીશ મીનીટ પછી સમાજના ક્રૂર રીવાજો તેની વ્હારે ધાયા.

"એમાં શું! હું એકલોજ આ ઉમ્મરે લીલી જેવી નાદાન છોકરીને પરણી લાવ્યો છું! નહી. નહી. એમાં કંઇજ પાપ નથી. આપણા બાપદાદાના વારાથી એવો રીવાજ ચાલ્યો આવે છે. વીધાતાના લેખ કદી મીથ્યા થતા નથી. લીલીના નસીબમાં મારાજ ઘરની ગોળીનું પાણી પીવાનું લખાયું હશે ત્યારેજ એના બાપે એને મારે ત્યાં વેચીને? એમાં શું થઇ ગયું? પેલા ભગવાનદાસ મારા કરતાં પાંચ વરસ મોટા છે; છતાં ગયે વરસે કાલીયાવાડની કન્યા પરણી લાવ્યા અને આજે કીકો રમાડે છે! નસીબ! નસીબ! એ બધી નસીબની બલીહારી છે...આજકાલના જુવાનીઆઓ ધર્મ કર્મ ભુલી ગયા છે તેથીજ તેઓ મારા જેવા વૃદ્ધના લગ્ન સામે ખાલી હોહા મચાવે છે. હું લીલીને મનગમતાં વસ્ત્રાભુષણો પહેરાવીશ. એની સાથે ચાર તીરથની જાત્રા કરીને પ્રભુનો આશીર્વાદ મેળવીશ—એને જગન્નાથની

જાત્રા કરાવી જગન્નાથજી પાસે વરદાન અપાવીશ! સુકન્યા પણ વૃદ્ધ પતીને પરણી હતીને? સાવીત્રીએ સત્યવાનનું ટુંકું આયુષ્ય લંબાવીને સાક્ષાત યમ-રાજાને પણ પાછો વાળ્યો હતોને? મારી લીલી પણ સતીધર્મ સમજીને વડ સાવિત્રી વ્રત કર્યાં કરશે તો મને વાઘ પણ ખાવાનો નથી!..." રૂઢીના ગુલામોના પાપી અંતરો મનાવી લેવાની આવીજ રીત હોય છે. નરોતમને પણ ઉપલા વીચારોથી સંતોષ થયો.

સહવારે ઉઠી તે ફાંદ પર હાથ ફેરવતો રૂવાળાના ટેરરા પરના પોતાના મકાનના ઓટલા પર દાતણ ચાવવા બેઠો. લીલા નાહી ધોઇને રસોડામાં દાખલ થઇ હતી અને વીધવા મંછી તેના પર નણંદબાઇની સતા ચલાવવાને ખડે પગે તૈયાર થઇ ગઇ હતી.

"તે ભાભી! કાલે તારા દીલમાં ભુત ભરાયો હતો કે?" મંછીએ ગુસ્સા ભરી નજરે પુછ્યું.

"નહી. મારા દીલમાં પ્રભુ ભરાયો હતો" લીલાએ મસ્તક ઉંચું કરી જવાબ વાળ્યો.

"એ લોડી! મારી સામે જો ઉંચે અવાજે બોલી કેની તો તારી જીભને ડામ દઇશ. સમજી?"

"તમે મને ડામ દેવા આવશો તો હું તમને ઝાંઝરીઆ પહેરાવીને વગર ભાડાની કોટડીમાં પુરાવીશ. સમજ્યાં?"

"બેસ બેસ રાંડ નફ્ફટ! તું કોણ? મારા ભાઇની બે બદામની બૈરી? બૈરી! એટલે બારણા પાછળની સાવરણી!..."

"તમારા ભાઇની બૈરી? એ પૂતળી વળી કોણ છે?"

"તુંસ્તો! ભર્યાં મહાજનમાં પાંચ માણસની વચ્ચે તારો હાથ પકડી તને મારો ભાઇ લઇ આવ્યો છે......"

"હાહાહા ! હું તમારા ભાઇની પત્ની ? મંછી બહેન ! તમે ભીંત ભૂલ્યા ભીંત ! હું તો મારા માબાપની આજ્ઞાને વશ થઇ તમારે ત્યાં રસોઇયણની નોકરી કરવા આવી છું. તમારા ભાઇ મારા મોટા ભાઇ થાય—મારા પિતા જેવા પૂજ્ય વડીલ થાય—સમજ્યાં ?"

લીલીની આંખોમાં દઢતા અને પવિત્રતાનું તેજ ઝગારા મારતું હતું. મંછી રૂઢીચુસ્ત વિધવા હતી. લગ્ન માનવ જીવનનો અણમોલ લ્હાવો છે એવા શબ્દો પણ કદી તેને કાને પડયા નહોતા. પુરૂષ પરણીને એક સ્ત્રીને પોતાની પત્ની બનાવે છે. તેના હાથની રસોઇ જમે છે અને તેને વાસનાની પુતળી સમજી તેનાં બાળકોનો પિતા ગણાય છે ! આ પુતળીને બે વાર તહેવારે ડોલી જેવી શણગારે છે અને તેના દીકરા દીકરીને પરણાવી "આબરૂદાર ગૃહસ્થ" ગણાય છે. આ શિવાય સંસાર માંડવામાં બીજું કંઇપણ ગંભીર કર્તવ્ય રહેલું છે એ વાત મંછીને તેના શ્રીનાથજી બાવાએ સમજાવી ન્હોતી. લીલીના તેજસ્વી ચહેરાની તેના જડ હૃદયપર પણ અસર થઇ અને લીલીના માથા ફરેલ જવાબો સાંભળી તેના પર કોઇ વાસણ છુટું ફેંકવાને બદલે તે બબડતી ફફડતી મંદીર તરફ રવાના થઇ ગઇ.

થોડીવાર પછી નરોતમ નાહીને લીલીની પાસે આવ્યો. લીલી રસોડામાં કંઇ કામ ન હોવાથી વચલા ખંડમાં હીંચકાપર બેઠી હતી. નરોતમ તેની પાસે બેસી ગયો. તેના વૃદ્ધ જોબનનું પુર ઉછળ્યું. તેણે લીલીને ચુંબન લેવા માટે તેનો હાથ પકડી તેને પોતાની પાસે ખેંચી. પણ લીલી ચફાળી તેનો હાથ ઝાટકી નાખી ઉભી થઇ જઇ બરાડી: "ખબરદાર જો મને સ્પર્શ કર્યો તો !......"

"કેમ ? હું કંઇ પારકો માણસ છું. હું તારો પતિ છું—તું મારી પત્ની છે. પતિને રીઝવવા માટે તેને ચુંબન અને આલિંગન આપવાની

પત્નીની ફરજ છે......"

"નરોતમ શેઠ! ચુંબન અને આલિંગનો માગો ત્યારે આપનારી કોઈ વાસનાની પુતળીજ તમને જોઈતી હતી તો પછી કોઈ વેશ્યાજ કેમ રાખી ન લીધી? તે તમારા કરચલી વળેલા ચહેરા તરફ ન જોત-તમારા નાકમાંથી નીકળતા સેડાની દરકાર ન કરત-ફક્ત તમારા રૂપીઆ લઈ તમને જોઈએ તેટલા ચુંબનો આપ્યા કરત! તે રૂપનું લીલાંઉ કરત-તમે રૂપૈયાથી રૂપ ખરીદત—"

"તારા બાપને પણ મેં તારે માટે સાત હજાર રૂપીઆ આપ્યા છે."

"તેથીજ હું તમને રસોઈ કરીને જમાડું છુંને! હું તમારી પત્ની નથી; પણ નોકરડી છું. તમે મારા શેઠ છો. જો તમે સીધા રહેશો, જો તમે મારા શરીરપર પાશવ હુમલો કરવાનો વિચાર માંડી વાળશો તો હું તમને બે ટંક સ્વાદીષ્ટ રસોઈ કરી જમાડીશ......"

"નહિ તો......."

"નહિ તો તમને લોખંડના ચણા ચવાડીશ-તમારી એવી ફજેતી કરાવીશ કે તમને દુનિયામાં મ્હોં બતાવવું ભારી પડી જશે." જરાપણ અચકયા વિના આટલા શબ્દો બોલી તે પાછી રસોડામાં ગઈ અને નરોતમે કપાળ પર હાથ કુટયો.

પ્રકરણ ૭ મું.

પ્રેમના અંકુર.

લીલાએ નરોતમને પતી તરીકે કદી પણ નહી સ્વીકારવાની પ્રતીજ્ઞા લીધી હતી. નરોતમે આ જાતિ મોહક વસ્ત્રો અને અલંકારોથી પુરૂષની ગુલામ થઇ જાય છે એમ સમજીને લીલાનું કબાટ જાતજાતના વસ્ત્રોથી ભરી દીધું, પણ લીલાના હૃદયમાં પ્રેમનું બુંદ પણ ન પ્રગટયું. જુદો દીન પર દીન બેચેન થવા લાગ્યો. લીલા પોતાના શરીરને પવીત્ર રાખવા માટે ચોવીસે કલાક જાગ્રત રહેતી હતી. રાતના વાળું કર્યાં પછી તે તરતજ એક ઓરડામાં ભરાઇ જતી અને નરોતમ કાલાવાલા કરીને મરી જાય તો પણ દ્વાર ઉઘાડતી નહી. દીવસે બનતાં સુધી તે નરોતમને એકાંતમાં મળતીજ નહી અને કોઇવાર નરોતમ ભીખારીની પેઠે દીન વદને એકાંત જોઇને તેનો હાથ પકડવા જતો ત્યારે લીલા તેને ભયંકર શબ્દબાણોથી વીંધી નાંખતી.

મંછીને કોઇના સંસાર સુખની પરવાજ ન્હોતી. તેની દુનીઆ તેના ઠાકોરજીમાં સમાઇ ગઇ હતી. સ્હવારે તે મંદીરે મંદીરે દર્શન કરી અગી-આરેક વાગે ઘેર આવતી. પછી પોતાના ગીરીરાજને માખણ મેસરી આરો-ગાવી પોતે પેટની પુજા કરતી અને તે પછી તેનો બધો સમય લીલાપર સરદારી ચલાવવામાં જતો. લીલાનું કોઇ કામ તેને ગમતુંજ નહી. લીલા અમૃત જેવી રસોઇ બનાવતી પણ જડ લાગણીહીન મંછી કોઇ દહાડો દાળમાં મીઠું વધારે પડવાની, શાક કાચું રહેવાની, રોટલી પાતળી અને ગોળ નહી હોવાની અથવા ભાતમાં કાંકરા રહેવાની ખોટી ફરીયાદ કર્યાં

કરતી. નરોતમ "નબળો માટી રાંડપર શુરો" એ કહેવત પ્રમાણે લીલાના કાટકા હલકા કરી નાખત તો મંછીના જીવને ટાઢક થાત. પણ નરોતમ લીલાને માર મારવાની હીમ્મતજ કરી શકતો નહી. પરીણામે મંછીએ પોતાના ભાઇને પાણી વગરનો માની લીધો અને પોતે પોતાની જીભથીજ લીલા પર સત્તા ચલાવીને સંતોષ લેવા માંડયો.

સવારના આઠેક વાગવાનો સુમાર હતો. મંછી નાહીને દર્શને ગઇ હતી. નરોતમ ભોંયતળીએ નામાના ચોપડા ઉથલાવી, ગરીબ દુબળાના ખાતામા ગમણું તમણું વ્યાજ ચડાવતો હતો. મુગ્ધ લીલા એકલી બીજા માળની અગાસી પર ઉભી ઉભી તુળસીના કુંડામાં પાણી રેડતી હતી. મુગ્ધા હતાશ થઇ ગઇ હતી. તેની આશાભરી જુવાની એળે વહી જતી હતી. આવી દશામાં શી રીતે જીવાશે એ ખ્યાલ તેને મુઝવી નાંખતો હતો.

આજ સમયે બાજુના ઘરની અગાશીમાં હાથમાં પુસ્તક લઇ એક યુવાન દાખલ થયો. તેની ઉમ્મર આશરે પચ્ચીસેક વર્ષના હશે. તે છ ફીટ ઉંચો હતો. તેની છાતી પહોળી હતી. તેના શરીર પર મલમલનું ખમીસ ફરફર ઉડતું હતું. તેની આંખો મોટી અને સ્નેહાળ હતી. માથા પરના વાળ અંગ્રેજોની પેઠે હોળાને તેણે વાંકી સેંથી પાડી હતી. તેનો દેખાવ ભવ્ય હતો. અગાશીમાં આવતાની સાથેજ તેની નજર મુગ્ધા લીલા પર પડી. તે સ્તંભીત થઇ ગયો. તેના હાથમાંનું પુસ્તક પડી ગયું. લીલાએ આ પળે નજર ઉંચી કરી. પેલા યુવાનની આંખો સાથે તેની આંખો મળી, મુગ્ધાંની હૃદય વીણા પર કોઇ અનીર્વાચ્ય સંગીત ઝણઝણી રહ્યું. તે આરસપહાણની પૂતળી જેવી પેલા યુવાન ચંદ્રકાંતને જોઇ રહી. બંનેમાંથી કોઇ બોલ્યું નહી, પણ તેમની આંખોએ જુગજુગની વાતો કરી લીધી.

"કોણ લીલી ? તું અહીંયા ?" થોડીક પળ પછી ચંદ્રકાંતની જીભ ખુલી.

"હા. હું પરણી..." તે હસી. એ હાસ્યમાં પ્રલયના ચમકારા હતા.

"તું પરણી? કોને?" ચંદ્રકાંત આશ્ચર્યચકીત થયો.

"કોને વળી? તમારા પડોશી તમનેજ શું. ખબર નથી? તમેતે મુંબઇથી ક્યારે આવ્યા?"

"ગઇ રાતેજ..."

"અને હું નરોતમ શેઠની ચોથીવારની સોભાગ્યવતી થઇ છું તે તે જાણતા નથી?"

"અફસોસ! લીલા! તારા માતપીતાને આ શું સુઝયું?"

"કેમ? કેમ? એમાં એ લોકોએ શું ખોટું કર્યું? હીંદુ માબાપ છોકરીને પાળીપોષી મોટી કરે અને પછી એ છોકરીને વેચીને તેઓ નરોતમ જેવા કોઇ શ્રીમંતનું ઘર મંડાવે તેમાં ખોટું શું છે? ચંદ્રકાંત! આપણા બાપદાદાનેવારેથી આમજ ચાલ્યું આવે છે..."

"જહન્નમમાં જાય એવા બાપદાદા! લીલી! આ શબ્દો તારા જીગરમાં સળગતો દાવાનળ બોલે છે..."

"એ દાવાનળ ભયંકર શબ્દો બોલવાથી હોલવાવાનો છે?"

"નહિ. ઓહ! મારા મનની મનમાં રહી ગઇ!..." બે હાથે માથું દબાવી ચંદ્રકાંત બોલ્યો. લીલા પણ નીચું જોઇ રહી. તેના મૃગલી જેવાં નયનોમાંથી ટપ ટપ આંસુ ટપકવા લાગ્યાં અને તે મોહક ગાલ પર જાણે કમલ પાંદડી પર ઝાકળના બીંદુ બાઝયા હોયની તેમ શોભી રહ્યા. ચંદ્રકાંત બે ચાર પળ તેને અનીમીષ નજરે જોઇ રહ્યો. તેના હૃદયમાં ભયંકર ખડભળાટ થતી હતી. તેણે લીલાને પોતાની જીવન સહચરી બનાવવાનો વીચાર રાખ્યો હતો. બંનેએ કદી પણ પોતાના હૃદય ખોલ્યા ન્હોતા. લીલાને તો ચંદ્રકાંતના પોતાના તરફના આકર્ષણની ખબર પણ ન્હોતી. ચંદ્રકાંત

બી. એ.ની પરીક્ષા આપી ગઈ કાલેજ સુરત આવ્યો હતો. લીલા પરણીને પારકી થઈ હશે તેનો તેને ખ્યાલ પણ ન્હોતો. સવારના પહોરમાં અનાયાસે તેને પોતાની હૃદયમુર્તિના દર્શન થયા અને લીલાને મ્હોડેજ તેને ખબર મળી કે લીલા ઘરડા નરોતમની બૈરી થઈ ગઈ છે. યુવાન ચંદ્રકાંતનું હૃદય ચીરાઈ ગયું. તેની પોતાની આશા તો ધુળમાં મળી ગઈ. પણ તેની પ્રાણેશ્વરી પણ વૃદ્ધ પતીને પનારે પડીને જીવન ઝેર કરી બેઠી હતી તે જાણીને તેના શોકનો પાર રહ્યો નહી. જે મુગ્ધાને પોતાની જીવન સખી બનાવી સંસારમાં સ્વર્ગ અનુભવવાના સ્વપ્ના ચંદ્રકાંતે રચ્યા હતા તે બધાં જુઠાં પડયાં. તેની મનોદશા કરૂણાજનક થઈ ગઈ. જેમ તેમ તે આંસુ ખાળી રહ્યો. એક બાજુથી લીલાની કરૂણ દશા જોઈ તેનું અંતર ખાખ થઈ જતું હતું. બીજી બાજુએ લીલાની મનોરમ મુર્તિને સામે જોઈ તે તેને વ્હાલથી બાથમાં લેવાને તે ઉત્સુક થયો. પોતાની અગાશીમાંથી તે લીલાના ઘરની અગાશીમાં ઉતરી પડયો. ચંદ્રકાંત તેની છેક નજીક ગયો. લીલા હજુ કાષ્ટની પુતળી જેવીજ ઉભી હતી. તેની આંખોમાં ચંદ્રકાંત વસી ગયો હતો. તેના હૃદય તાર ઝણઝણી રહ્યા હતા. મુગ્ધાના મુગ્ધ હૃદયમાં જીવનમાં પહેલી વાર પ્રિયતમને જોઈને એવો અનિર્વાચ્ય ભાવ પેદા થયો હતો કે જેનું વર્ણન જગતમાં હજુ સુધી કોઈ કરી શક્યું નથી.

"ચંદ્રકાંતે વ્હાલથી તેનો એક હાથ પકડયો. બીજો હાથ પકડયો. લીલા કંઇજ બોલી શકી નહી. તેની છાતી ધડકી. ચંદ્રકાંતે તેને પોતાની પાસે ખેંચી. લીલા ખેંચાઈ. અને વૃક્ષને વેલી વીંટાઈ જાય તેમ તે યુવાન ચંદ્રકાંતને ભેટી પડી ચંદ્રકાંતે તેના અમી ભર્યા અધર પર ચુંબનની મહોર મારી અને પ્રેમના પ્રથમ ઉચ્છવાસથી બંને ઉન્માદથી મસ્ત થઈ ગયાં.

"લીલા! વ્હાલી!..." ચંદ્રકાંત લીલાના અંબોડામાં આંગળી નાખી તેને ઢીલો કરી નાંખતો બબડયો.

"વ્હાલા !..." લીલા આટલુંજ બોલી શકી. ચંદ્રકાંત જગતનું ભાન ભુલી ગયો. આખી દુનીઆમાં તે અને લીલા શીવાય બીજું કોઇજ નથી એમ માનીને તેણે લીલાને ફરીથી ચુંબન લીધું. લીલી કંઇક સાવધ થઇ. દુનીયાદારીની નજરે તે પાપ કરી રહી છે એવું તેને લાગ્યું. રખેને કોઇ જોઇ જશે એવો તેને ભય લાગ્યો.

"વ્હાલા ! કોઇ જોશે !"

"કોઇ જોશે તો શું થયું ? હું દુનીઆને પોકાર મારીને કહીશ કે તું મારી છે. નરોતમ સાથે થયલું તારૂં લગ્ન ખરૂં લગ્નજ નથી..."

"ઓ વ્હાલા ! મને બળાત્કારે માર મારીને પરણાવવામાં આવી હતી."

"એમને ? તો એ લગ્ન કાયદાસર છેજ નહી. લીલી ! લીલી ! તું મારી થશેને ?"

"હું તમારીજ છું. વ્હાલા !...પણ...." લીલા અચકી.

"પણ શું ?"

"હવે શું થશે ? નરોતમ આપણા પ્રેમની વાત જાણી જશે તો ? દુનીઆને આપણા પ્રેમની ખબર પડશે તો ?"

"લીલુ ! તું જરા પણ ન ગભરા. હું તને એવી જગ્યાએ લઇ જઇશ કે જ્યાં નીંદાખોર દુનીઆદારીઓ હોવજ નહી..."

"ખરેખર ? ઓ વ્હાલા ! લઇ જાઓ—મને આ નર્કસ્થાનમાંથી ગમે ત્યાં લઇ જાઓ ! વૃક્ષે વૃક્ષે ઉડીને કલ્લોલ કરતી કોકીલાને સોનાના પીંજરમાં પુરી હોય તે કદી સુખી થાય ખરી ? નરોતમ મને રીઝવવાને પાણી પેઠે પૈસા વાપરી રહ્યો છે. ઘરેણાંઓ અને ઘોડીઆઓને લુંટી એ મને પુતળીની પેઠે શણગારે છે. પણ મારા દીલને એના ઘરમાં આરામ નથી મળતો. મારા ચંદ્ર ! ચંદ્ર વીના ચકોરી જીવી શકે ખરી ?"

"નહી. વ્હાલી ! નહી. આ તારો ચંદ્ર તારી સેવામાં હાજર થયો છે. લીલી ! મારી લીલી ! હવે જરા પણ ફીકર ન કર. હું તને અલ્પ સમયમાંજ આ કમાઇવાડામાંથી છોડવી જઇશ..."

"પ્રભુ તમારૂં ભલું કરશે. પણ જો જો ! વ્હાલા ! દરીઆના મોજાંની પેઠે મારા હૃદય પર હલ્લો કરી પાછળથી મને નીરાશાની અંધારી ગલીમાં કુંપાં ન દેતા..."

"કસમ પરમાત્માના–કસમ મને મારા માત પીતાના–કસમ મને તારા પ્રાણના વ્હાલી ! આ જાન જશે તોય હું તને નીરાશ નહી કરૂં..." ચંદ્રકાંતે લીલાને મીઠડું ચુંબન લઇ શાંતિ આપી અને પોતે વીજળીક વેગે પોતાની અગાસીમાં ચાલ્યો ગયો.

લીલી પ્રેમના મીઠા તરંગોથી હસતી હસતી ઘરમાં ગઇ.

પ્રકરણ ૮ મું.

પ્રેમમાં બોંબ.

લીલા ચંદ્રકાંતના પ્રેમમાં પડી, તે પછી તેનું જીવનજ બદલાઇ ગયું. વૃદ્ધ નરોતમને જોઇ તે મનમાં ને મનમાં બળી મરતી હતી. તેના વદન પર કદી હાસ્ય ફરકતું ન્હોતું, તેની ચાલમાં યૌવનની મસ્તી ન્હોતી. ચંદ્રકાંતને મળ્યા પછી તેનો સઘળો નીરૂત્સાહ હવામાં ઉડી ગયો. લીલાને હવે લાગ્યું કે જીવન જીવવા જેવું છે. તેના હૃદય સિંહાસન પર ચંદ્રકાંત બીરાજ્યો. મુગ્ધા એમજ સમજી કે હવેજ તેનું લગ્ન થયું. તેનો મનગમતો પ્રિયતમ તેને મળી ગયો. નરોતમને તે પોતાનો શેઠ–પોતાનો વડીલ–પોતાનો પીતા ગણુતી હતી. તેની પવીત્ર દેહ અછૂત હતી. નરોતમને તેણે પતી તરીકે સ્વીકાર્યોજ ન્હોતો. ચંદ્રકાંતેજ તેના ભગ્નાશ હૃદયમાં આશા અને ઉત્સાહની વીજળી ચમકાવી. દુનીયા ક્રૂરતા અને જડતાથી ભરેલી છે એવી તેની માન્યતા ફેરવાઇ ગઇ. હવે તેને જગત્ મોહક લાગવા માંડ્યું. તેની આંખો ચંદ્રકાંતના દર્શન કરવા માટે વલખવા લાગી. અગાઉ તે નરોતમને પીરસવા બેસતી, ત્યારે તેનું મ્હોં ચઢેલુંજ રહેતું. હવે તેના વદન પર મધુર સ્મીત ફરકવા લાગ્યું. નરોતમ આ પરીવર્તન જોઇ રાજી રાજી થઇ ગયો. મંછીને પણ એમ લાગ્યું કે તેની નવી ભાભી ઠેકાણે આવી ગઇ. લીલા ચંદ્રકાંતના મધુર પ્રેમના જાદુથી મસ્તાન થઇ હતી, એવો એમાંથી એકને સ્વપ્ને પણ ખ્યાલ ન્હોતો.

"હવે તને અહીં ગમે છે ને ?–" નરોતમે જમી પરવારી લીલાને હસીને પુછ્યું.

શ્કા. હવે ગમે કે ન ગમે. પણ ગમે તેમ મન મારવું જોઇએને !–" લીલાએ જવાબ આપ્યો. તેના અંતરાત્મામાંથી પોકાર આવ્યો કે તે જુઠું બોલી રહી છે. બાળાનો પ્રતાપી આત્મા આ દંભીથી કકળી ઉઠયો.

"ગાંડી રે ગાંડી ! તને અહીં શું દુઃખ છે ? તુ મારા ઘરની રાણી છે. તુ કહે તેવા લાડ લડાવવાને હું તૈયાર છું. મારી સાથે તું અતડી શા માટે રહે છે ? આવ, અહી મારી પાસે બેસ–" કહી નરોતમે લીલાનો હાથ પકડવાને હાથ લાંબો કર્યો. વૃદ્ધના હાથનો સ્પર્શ થતાંજ જાણે વીંછી કરડ્યો હોયની તેમ લીલાને લાગ્યું. અગાઉ તે નરોતમનો હાથ ઝાટકી નાંખી તેનો તીરસ્કાર કરતી હતી. આજે તે એવી ભયંકર અવગણના કરી શકી નહીં. ધીમેથી હાથ છોડવી તે તેનાથી દુરજ ઉભી રહી.

"આમ કરશે તો આપણી જીંદગી કેમ જશે ?" નરોતમે દીન સ્વરે પુછ્યું.

"તેનો તમારે પહેલાથી વીચાર કરવો જોઇતો હતો. તમે સારી પેઠે સમજો છો કે આપણાં મનનો કદી પણ મેળ મળવાનો નથી."

"હવે થવાનું હતું તે થઇ ગયું. દુનીયાના રીવાજ પ્રમાણે તું મારી ધણીઆણી થઇ છે. હવે આવા ગાંડાવેડા ના કાઢ–"

"હુ તમારી સેવા કરવામાં કંઇ કચાશ રાખું છે ? મારૂં જીગર બળીને ખાખ થઇ જાય છે છતાં હું તમારા ઘરમાં રહું છું–લોકો મને તમારી પત્ની તરીકે ઓળખે છે તે સહી લઉં છું–તમને બે ટંક રસોઇ કરી જમાડુ. છું–તમારા હુકમ પાળું છું. એટલાથી તમને સંતોષ થતો નથી ?..."

"લીલા ! લીલા ! મને બળતાને વધારે શા માટે બાળે છે ? લોકો રસોઇ કરવા માટેજ બૈરી પરણતા નથી..."

"ત્યારે શા માટે પરણતા હશે ?"

"કુળનો દીવો બળતો રહે તે માટે–"

"તમારા કુળનો દીવો હું કદી બળતો રાખવાની નથી–" આટલું કહી તે નરોત્તમ પાસેથી ચાલી ગઇ.

બપોરે બે વાગ્યા. નરોત્તમ હતાશ થઇ ઉંઘી ગયો. મંછા કંઇ કામસર બહાર ગઇ. લીલા આવા એકાંતનીજ રાહ જોતી હતી. તે તરતજ અગાશીમાં ગઇ. આસપાસ નજર કરી તો કોઇ જણાયું નહી. ચંદ્રકાંત તેની રાહ જોતો અગાસીમાં બેઠો હશે એમ તે ધારતી હતી. પણ પ્રિયતમને ન જોવાથી તે વીહવળ થઇ. પ્રેમની પ્રથમ મસ્તીમાં ભાન ભુલી તે ચંદ્રકાંતના ઘરની અગાસીમાં ગઇ. અગાસીમાંથી તે ઘરમાં દાખલ થઇ. ચંદ્રકાંત અગાસીની બાજુનાજ ઓરડામાં આરામ ખુરશીપર બેસી "કલાપીનો કેકારવ" વાંચતો હતો.

"સાકી જે શરાબ મને દીધો દીલદારને દીધો નહી;
સાકી જે નીશો મુજને ચઢયો દીલદારને ચઢયો નહી;
આ ચશ્મમાં ચરખો ફરે દીલદાર તો મલકાયા કરે;
અહીંયા ચઢે ત્યાં ઉતરે ઇનસાફ તેં કીધો નહી."

ચંદ્રકાંત આ ગઝલ ગાતો હતો તેવામાં લીલાએ ધીમેથી ખુરશી પાછળ જઇ તેની આંખો પર પોતાના નાજુક હાથ દાબી દીધા. ચંદ્રકાંત પ્રીયતમાના કોમળ હસ્તનો સ્પર્શ થવાથી મલકાયો. વ્હાલથી લીલાના હાથ અળગા કરી તેણે તેને ચુંબન લીધું. લીલા આરામ ખુરશીના હાથાપર બેસી પ્રીયતમ સાથે અડપલાં કરવા લાગી.

"રાજેશ્રી અહીં સાકી ને સનમના ગીતડાં ગાતા બેઠા છો અને હું અગાસીમાં આંખ તાણી તાણીને મરી ગઇ..."

"પણ લુચ્ચી! તું ક્યારે આવશે તેની મને શી ખબર પડે?" લીલીના ગળામાં હાથ નાંખી ચંદ્રકાંત બોલ્યો.

"વ્હાલા! આ સંતાકુકડીની રમત મને ગમતી નથી. તમે મને લઇ જાઓ..."

"એમ ઉતાવળ કરવાથી કંઇ વળવાનું છે? લીલી! તું પરણેલી છે, કાયદાની નજરે નરોતની સ્ત્રી છે–તને અચાનક ઉપાડી જવામાં ભયંકર જોખમ રહેલું છે."

"વ્હાલા! તમારા વીના મને ઘડી પણ ચેન પડતું નથી. જો તમે વીલંબ કરશો તો હું આપઘાત કરી મરી જઇશ..."

"જા જા ગાંડી! એવા ખોટા વીચાર ન કર. તને મારા પર વીશ્વાસ તો છે ને?"

"હા—પણ—"

"પણ શું?"

"મને નરોતમને ત્યાં નથી ગમતું. હું તમને મળવા તલસી મરૂં છું, પણ આપણા દંભી સમાજના રીવાજને લીધે છુટથી મળી પણ શકતી નથી–"

"ધીરજ રાખ– હું થોડાજ દીવસમાં તને મુંબઇ લઇ જઇશ..." ચંદ્રકાંતે લીલાને શાંતી આપી તેને છાતી સરસી ચાંપી લીધી. ચંદ્રકાંતના વીશાળ વક્ષસ્થલ પર માથું મુકી લીલા આરામથી પડી. તેને જીવન ધન્ય લાગ્યું. ઉભય પ્રેમની મસ્તીમાં મસ્ત થઇ ગયા હતા. એજ પળે ચંદ્રકાંતનો પીતા ઉપર આવી પહોંચ્યો. દાદરના છેલ્લા પગથીઆ પર આવતાં ચંદ્રકાંતના પીતા ભગવાનદાસે પુત્રની પ્રેમ લીલા જોઇ. તે સ્તબ્ધ થઇ ગયો. તેના આંખોમાં ગુસ્સાની રતાશ આવી.

"ચંદુ!—" તે બરાડયો: "આ શું? હરામખોર! તને પરસ્ત્રીનો સંબંધ રાખતા શરમ નથી આવતી?"

આ ઘાતકી શબ્દોએ પ્રેમીઓનો નીશો ઉતારી નાખ્યો. લીલા એકદમ ઉભી થઈ ગઈ. ચંદ્રકાંત પણ સડક થઈ ગયો. બન્નેને શું બોલવું તે સુઝ્યું નહી. બેઉના ચહેરા ઉતરી ગયા, અને લીલા તો રડું રડું થઈ ગઈ.

"બદમાસ! મેં તને ઉચી કેળવણી આપી તેનું આ પરીણામ? છોકરી! કાળું કર અહીંથી—" છેલ્લા શબ્દો ભગવાનદાસે લીલાને સંબોધી કહ્યા.

"પિતાજી! મને માફ કરો. હું લીલાને ચાહું છું—" ચંદ્રકાંત થોડીવાર પછી સાવધ થઈ બોલ્યો. તેને લીલાની ગંભીર પરીસ્થીતીનું ભાન થયું.

"ચાહે છે? કોને? પારકી સ્ત્રીને? અરે! બદમાસ! મારી સામે આવી નીર્લજ્જ વાત કરતાં શરમાતો નથી?" વૃદ્ધનો મીજાજ ગયો અને તેણે ચંદ્રકાંતને એક તમાચો લગાવી દીધો. લીલાને શું કરવું તે સુઝ્યું નહી. તે કાષ્ટની અચેતન પુતળી જેવી ઉભી રહી હતી.

"બેશરમ! ઉભી શું રહી છે? નીકળ અહીંથી, નહી તો તારા ધણીને બોલાવીશ."

ભગવાનદાસના આ શબ્દો સાંભળી લીલા ત્યાંથી ચુપચુપ રડતી રડતી ચાલી ગઈ.

"જો ફરીથી આ બલાનું નામ દેશે તો હું તને મારા ઘરમાંથી હાંકી કાઢીશ—" ભગવાનદાસે ચંદ્રકાંતને આપેલી આ ધમકી લીલાએ સાંભળી. તે ઘરમાં જઈ બોરબોર જેવડા આંસુ સારવા લાગી.

"હાય! મારૂં શું થશે? બે ચાર દીવસથી ચંદ્રનું મ્હોડું જોઈ જરા હસતી હતી એટલામાં આ અફત આવી! ભગવાનદાસનું કહેવું ખોટું નથી. હું ચંદ્રને ગમે તેટલી ચાહતી હોઉં. પણ આખર તો એ પરપુરૂષજને! મારો આ લોક અને પરલોકનો માલીક તો બુઢો નરોતમ! હે રામ! આ કંઈ જાતની સમાજ છે? હીંદુ સમાજમાં સાઠ વરસનો વૃદ્ધ પંદર વર્ષની બાળાને

પરણી શકે છે. પણ આ! તે ભર જુવાન વયે વીધવા થઇ કે ખલાસ! તેની જીંદગી ખતમ થઇ ગઇ. તેનો ધણી મરી ગયો એટલે તે કાળા મ્હોડાની, અપશુકનીઆળ વીધવા થઇ ગઇ. જાણે તે માણસજ નહી હોય, જાણે તેને લાગણીજ ન હોય તેમ વીધવા સ્ત્રી સારાં વસ્ત્રો પહેરી શકતી નથી. કેવો જુલ્મી સમાજ!" લીલા આવા વીચાર કરી કંટાળી: "ત્યારે શું નરોતમને પતી ગણી તેની ઘરવાળી થાઉં? નહી. નહી. એનું મ્હોડું જોવું મને ગમતું નથી. જે થવાનું હશે તે થશે. પણ નરોતમને તો હું પતી નહીજ ગણું. પતી એટલે કોણ? મારો હૃદયનાથ–મારા હૈયાનો હાર! મારો મુગટમણી! શું એ બુઢો વાંદરો મારા હૈયાનો હાર થવાને લાયક છે? છટ છટ! એ પદ તો મારો ચંદ્ર લઇ ચુકયો! હવે એજ મારો ચંદ્ર અને હુંજ એની ચકોરી! દુનીયા શું કરવાની છે? દુનીયાને હું પોકાર મારીને કહીશ કે નરોતમ જેવા ઘરડાને ચોથીવાર નીર્દોષ બાળાના જીવનની હોળી કરવીની છુટ આપનાર સમાજમા આમજ થશે! નહી. મારે દુનીયાની પરવા નથી. પરવા ફકત મને મારા ચંદ્રનીજ છે. જોઉં છું–ગમે તે રીતે હું એને કાલે મળીશ. ભગવાનદાસને અમારા પ્રેમની ખબર પડી ગઇ છે. હવે ચંદ્ર મારો રહેશે ખરો? તે તેના બાપથી ડરી જઇને મને છોડી દેશે?... હરી હરી! જે થાય તે ખરૂં! હું એને કાલે મળીશ ત્યારે બધી ખબર પડી જશે."

પ્રકરણ ૯ મું.

લીલા વિધવા થઇ!

લીલા અને ચંદ્રકાંતના મધુર પ્રેમની લીલા ભગવાનદાસ જોઇ ગયો અને તેણે પ્રેમીઓને ધુતકારી કાઢ્યા તેજ દીને રાતે નરોતમ શેઠને અચાનક દમ ઉભરી આવ્યો. ભયંકર વરસાદથી રૂતુ બગડી ગઇ હતી. મુશળધાર વરસાદ પડવાથી નરોતમનો જુનો દમનો રોગ ઉભરી આવ્યો અને તે મહા મુશ્કેલીથી હાંફતો હાંફતો બીછાને પટકાયો. મંછીના હોંસકોસ ઉડી ગયા. તેણે લીલાને નરોતમની પાસે સેક કરવા બેસાડી અને લીલા બીમાર કુતરાની સેવા કરતી હોય તેવાજ ભાવથી નરોતમની કાળજીપુર્વક સારવાર કરવા લાગી. લીલા નરોતમને ધીક્કારતી ન્હોતી. પણ તેના જેવા વૃદ્ધને પરણવાની છુટ આપનાર સમાજને તે તીરસ્કારતી હતી. નરોતમ તેને મન તેનું પેટ ભરનાર શેઠ હતો. એ શેઠ બીમાર પડે ત્યારે તેની સારવાર કરવાની પોતાની ફરજ સમજીને લીલા અળસીની પોલ્ટીસ બનાવી સેક કરવા બેઠી હતી.

મધરાત સુધીમાં નરોતમની તબીઅત ઘણીજ લથડી ગઇ. માણસ મરણને કીનારે પહોંચે ત્યાં સુધી વૈદ ડાક્તરોને નહીજ બોલાવવામાં કેટલાક માણસો ડહાપણ સમજે છે. મંછી આવા ડહાપણની ખબરદાર હતી. પણ રાતે બાર વાગે બાઇની હાંફણ જોઇ તે પણ ગભરાઇ. તેણે ડાક્તરને બોલાવ્યો અને ડાક્તરે છાતી પર સ્ટેથોસ્કોપ મુકીને ચહેરો ગંભીર કર્યો.

"ડાક્તર સાહેબ! સાચેસાચું કહેજો. કેમ છે?" મંછીએ પુછ્યું.

"ઠીક છે..." ડાક્તરે ગંભીર ચહેરે જવાબ આપ્યો.

"ડાક્તર! આ મારી ભાભી પર દયા લાવીને સારી દવા આપજો હો! બીચારીનું હેવાતણ તમારા હાથમાં છે..."

ડાક્તરે યુવાન લીલા પર કરૂણ નજર ફેંકી. તેને આ ઉમ્મરે આવી બાળાનો ભોગ લેવા તૈયાર થયલા નરોતમ પર અભાવ આવ્યો.

"હું દવા મોકલું છું. પણ સેક ચાલુ રાખજો. કેસ ગંભીર છે..." આટલું કહી ડાક્તર ચાલ્યો ગયો.

જેમ જેમ રાત ગઇ તેમ તેમ નરોતમની સ્થીતી ગંભીર થતી ગઇ. તેનો જીવનદીપક ઓલવાઇ જવાની અણી આવી.

"મંછી! બહેન! હવે મને આશા નથી..." તેણે કરૂણ સ્વરે મહા મુશીબતે મંછીને કહ્યું.

"ઓ મારા ભાઇ રે! તું આવું શું બોલે છે! આ મારી ભાભીની દયા લાવજે મારા ગીરીરાજ!..." લીલાને હીમ્મત આપવાને બદલે મંછીએજ નરોતમ મરવા પહેલાંજ પોક મુકવા માંડી.

સવારે પાંચ વાગે નરોતમ બહુજ ગભરાયો. તેનો ચહેરો રૂની પુણી જેવો ફીકો પડી ગયો. નાક મંદ પડી ગઇ. પણ તેનો જીવ જતો ન્હોતો. લીલાને જોઇને તેના ઘોર પાપ માટે તેને ભારી પસ્તાવો થતો હતો.

"મંછી!...." તે ક્ષીણ સ્વરે બોલ્યો: "તારી ભાભીનો હું ગુનેહગાર છું. મેં એને પરણવામાં ઘોર પાપ કર્યું હતું. મારા મરણ પછી એને જરા પણ ઓછું આવવા ન દેતી. લીલા! દેવી! મને માફ કર..."

"પ્રભુ તમને માફ કરે..." લીલા બોલી અને તેજ પળે નરોતમે દેહ છોડી દીધો.

નરોતમની દેહમાંથી પ્રાણ પંખેરૂં ઉડી ગયું કે તરતજ મંછીએ મોટેથી પોક મુકી આડોશી પાડોશી અને સગાંવહાલાં દોડી આવ્યા. લીલાની

મા "ઓ જમાઇરાજ! મારી લાડકીને મેલીને તમે ક્યાં ગયા રે..." એવી પોક મુકતી આવી પહોંચી બૈરાંઓએ રડતી વખતે એક બીજાના મુખે દોષ પણ રાજીઆમાં ગાઇ બતાવ્યા. નરોતમની કાસ્ટવત પડેલી દેહ પાસે બાઇઓ તાલ સુર સાથે કુટી. લીલાને પોતાની પાસે રાખી જમના તેના હતભાગ્યની કરૂણ કથાના રાજીઆ ગાતી હતી.

"હાય! જમાઇરાજ! હાય! હાય!
હાયરે મારા! હાય! હાય!
હાયરે! પરોણા! હાય હાય!
અરધી રાતે! હાય હાય!
મારી લીલાને! હાય હાય!
મેલી ચાલ્યા! હાય હાય!"

આ કરૂણ પણ ભયંકર પ્રસંગ ચીતરીને અમે વાંચનારને કંટાળો આપવા માગતા નથી. લીલાએ જે વૃદ્ધને પતી તરીકે કદી સ્વીકાર્યો ન્હોતો તે મરી ગયો. નાતીલાઓ તેના શબને અગ્ની સંસ્કાર કરી આવ્યા અને સોળ વર્ષની લીલાને હીંદુ સમાજે "ગંગા સ્વરૂપ" નો ટાઇટલ આપી દીધો. લીલીના ચાંલ્લા ચુડાનો નાશ થઇ ગયો. આજ સુધી તે શુકનવતી સૌભાગ્યવતી હતી. હવે એક સતાવન વરસનો દમીઅલ ડોસો મરી જવાથી દયા ધર્મના ઇજારદાર હીંદુઓની નજરે તે કાળા મ્હોંની અપશુકનીઅણ થઇ ગઇ. લીલાને સાધારણ માણસ મરી જાય ત્યારે સ્વભાવીક રીતે થોડોક શોચ તેટલોજ શોક થયો. પણ તેની મા નાતના બૈરાઓ સાથે તેના ચુડી ચાંલ્લાનો નાશ કરવાની કાયા કરતી હતી ત્યારે પણ લીલાનું પ્રેમ ભુખ્યું હૃદય ચંદ્રકાંતના નામની માળાજ જપી રહ્યું હતું.

પ્રકરણ ૧૦ મું.

લીલાનું મુંડન!

લીલી–સોળ વર્ષની ભરજુવાન લીલી વીધવા થઇ. બધાને તેની દયા આવી. બધા તેના હતભાગ્યને લીલુવા લાગ્યાં. બૈરાંઓએ વૃદ્ધ નરોતમની પાછળ રોવા કુટવામાં કોઇ જાતની કચાસ રાખી નહિ. પણ એક બે દીવસમાં એ તમાસો પુરો થઇ ગયો. હવેજ લીલીને માથે સાડી સાતી બેઠી. દમીયલ નરોતમે તેની આગલી પત્નીઓને ચુડી ચાંલ્લા સાથે વૈકુંઠ લોકમાં મોકલી હતી. એ કજાગરી ત્રણ સૌભાગ્યવતીઓની પેઠે લીલીને નરોતમની અગાઉ સ્વર્ગમાં જવાને ઉતાવળી ન થઇ અને નરોતમજ પોતાની આગલી પત્નીઓના વીરહાગ્નીને શાંત કરવા માટે ચીતામાં બળી ખાખ થઇ ગયો તેમાં મંછીને લીલાનો ભયંકર અપરાધ જણાયો. એ કાળમુખીજ મારા જુવાન જોધ ભાઇને ખાઇ ગઇ એવી વાત તે છડેચોક કરવા લાગી. પોતે સ્ત્રી હતી–વીધવા હતી–આખી જીંદગી તેણે બોડકી તરીકે પસાર કરી હતી. છતાં તેને લીલાની દયા ન આવી.

"એ રાંડના લખણજ મને પહેલાંથી સારા લાગતા નહોતા. એણે માંભરામાંજ તોફાન કર્યું હતું એટલે એણેજ મારા જુવાન ભાઇને કંઇ ખવડાવી દીધું હશે...." હૃદયહીન, અક્કલહીન મંછી પવિત્ર લીલાની આવી નીંદા કરતાં જરા પણ અચકાતી નહી. તેનો સંઘજ કંઇ વીચીત્ર જાતનો હતો. એ સંઘમાં અંધશ્રદ્ધા, વહેમ અને ઘોર અજ્ઞાનનું સામ્રાજ્ય હતું. સંસ્કાર, જીવનના લ્હાવા, મનુષ્યતા, સત્ય ધર્મ વીગેરે શબ્દો આ સંઘના શબ્દ કોષમાં હતાજ નહિ.

લીલાની મા જમના પણ એજ જમાતની ભકતાણી હતી. લીલા વીધવા થઇ તેમાં તેને નસીબનો દોષ જણાયો. "જેવું એનું નસીબ! કરમમાંજ ફાડીઆ લખ્યા હોય તો પછી એનો ચુડો ચાંલ્લો અખંડ શી રીતે રહે?" જમનાની આ દલીલો તોડવાની બ્રહ્માંમાં પણ શક્તિ ન્હોતી. તેણે પોતેજ પૈસાની નીચ લાલચને વશ થઇને મડા સાથે મીંઢળ બાંધ્યું હતું. એ વાતનો સ્વીકાર કરવાને જમના સાફ ના પાડતી. હીંદુ સમાજની બધી વીધવાઓ પુર્વ જન્મના પાપથીજ પતીની છાંયા ગુમાવી બેસે છે એવી તેની નીશ્ચલ માન્યતા હતી.

લીલાને નરોતમના મરણથી, પતી મરણથી સતીને જે વજ્રપાત થાય છે તેવો આઘાત થયો ન્હોતો. તે પ્રથમથીજ જાણતી હતી કે, વહેલા મોડા તેના કપાળે ગંગા સ્વરૂપનો ખીતાબ લખાવાનોજ છે. તે નરોતમને પતી માનતીજ ન્હોતી, એટલે કોઇપણ પારકા માણસનું મરણ જોઇને મનુષ્યને જેટલું દુઃખ થાય તે શીવાય લીલાને વધારે દુઃખ થતું ન્હોતું. તે ચંદ્રકાંતના રસીક પ્રેમના સ્મરણમાંજ મધુર સ્વપ્નાં જોઇ રહી હતી. પણ નરોતમ મરી ગયા પછી તેની ચીંતા વધી ગઇ. દશમાને દીવસે ક્રૂર હીંદુ સમાજ તેના મોહક વાળ મુંડાવી નાંખી, તેને બેડોળ બોડકી બનાવવામાં ધર્મ માનશે એમ તે જાણતી હતી. તેના પર આવો અમાનુષી જુલમ થાય તે સહન કરવાને તે બીલકુલ તૈયાર ન્હોતી. એક જુવાન કુલવધુને બે બદામના હજામ પાસે હજામત કરાવવા બેસાડવી એ ખ્યાલજ તેને મન રાક્ષસી હતો. કીડી ને કબુતરોને દાણા નાંખી, દયા સાગર ગણાવાનો દંભ કરનારા હીંદુઓએ પોતાની હતભાગી બાળાઓ પર આવો શયતાની જુલમ ગુજારનારો રીવાજ કેમ પાડયો હશે તે તે સમજી શકતી ન્હોતી. ગમે તેમ થાય પણ લીલાએ મુંડન નહી કરાવવાની પ્રતીજ્ઞા લીધી હતી. પણ બાળાની

આવી પ્રતીજ્ઞા તોડાવવામાં રામ ને કૃષ્ણના વરસો સતીધર્મ સમજે છે, તેનું તેને ભાન ન્હોતું.

"મંછીબ્હેન! હજામને કહ્યું?" નવમાની રાત્રે જમનાએજ પોતાની દીકરીની મુંડન ક્રીયા માટે ચીંતા બતાવી. લીલી એક ખુણામાં ચુપચુપ બેસી રહી હતી. તેની બહારથી દેખાતી શાંતી જ્વલામુખીની સતી જેવી હતી.

"હા–બ્હેન! હોરા હજામને કહેલું છે."

"બા! હજામનું શું કામ છે?" લીલાએ ધીમે સ્વરે પુછ્યું.

"દીકરી! તારૂં કરમ ફુટયું. તારા વાળ લેવરાવવા પડશે–"

"બા! તું મારી મા છે કે જન્મની દુશ્મન? તમે લોકો મને બળતીને વધારે શા માટે બાળો છો? તમે મને મારા બાપ જેવડા વૃદ્ધ ધણી સાથે પરણાવી મારી જીંદગીનું સત્યાનાશ વાળ્યું. હજુ પણ તમને શાંતી થઇ નથી? હજુ પણ તમને મારા પર જુલમ ગુજારવામાં મોજ મળે છે? હું મરી જઇશ પણ હજામ પાસે કદી મુંડો કરાવવાની નથી..." લીલીની આંખમાંથી અંગારા વરસ્યા.

"આ બધી કલજુગના ભણતરની ન્હોંકાણ! અરે! ભાભી! અમે પણ પરણ્યાં હતાં અને નવમે વરસે રાંડયા હતાં; પણ અમે ધરમ પાળવાની કદી ના ન્હોતી પાડી."

"તમારો ધર્મ તમને મુબારક રહો! શું એક જુવાન, નાદીર્ઘ બીના* વાળ મુંડાવી નાખી તેને તેના મરજી વીરૂદ્ધ બેડોળ બનાવવામાં ધર્મ રહેલો છે? એવો જો કોઇ ધર્મ હોય તો તે પ્રભુનો નહી પણ શયતાનનો ધર્મ હોવો જોઇએ..."

"બેસ બેસ રાંડ છટકેલ!—" જમનાનો પીતો ઉકળી આવ્યો: બાપ દાદાના વારાથી ચાલ્યું આવે છે તે ખોટું અને તું વહેંત જેવી કહે છે તેજ ખરૂં–એમ કે?"

"બા ! બા ! તું મારી જનેતા છે કે કોણ છે ? તને મારી દયા આવતી નથી ? મેં જીંદગી ભરીને કંઇ સુખ જોયું નથી. પરણ્યા પછી જીવતાજીવત ધગધગતી ચીતામાં બળી મરૂં છું. હવે તો મારો કેડો છોડ."

"જો બહેન ! હવે તો બાળરંડો વાળ રાખે છે. પણ સુતકના વાળ તો કઢાવવા જ પડશે—" જમનાએ કહ્યું.

"પહેલાં તો બાળરંડોને આખી જીંદગી સુધી તમે બોડકી રાખવામાં ધર્મ સમજતા હતા. હવે એકવાર વીધવાનું માથું મુંડાવવાથી તમારો ધરમરાજ રીઝી જાય છે ? તમે તે કંઇ જાતનો સમજણીઓ ધર્મ પાળો છો ? તમારા આપખુદ જુલમો ચાલે છે ત્યાં સુધી તમે તસુ પણ નમતું આપવાની ના પાડો છો; અને જ્યારે તમારૂં કંઇ વળતું નથી ત્યારે ચપટી ચોખા માટે ભીખ માંગનારા બામણાઓ ધર્મના પંજામાંથી છટકી જવાની બારીઓ શોધી આપે છે. બા ! કંઇક સમજ ! ધર્મ કહેલું વસ્ત્ર નથી કે મરજી પડે ત્યારે બદલી શકાય ! અગાઉ તમે જે આ વીધવા થતી તેને આખી જીંદગી સુધી બોડકી રાખવામાં ધર્મ સમજતા હતા. તો હવે બાળરંડને એકવાર મુંડાવ્યા પછી વાળ રાખવાની શા માટે છુટ આપો છો ?"

"નાતનો એવો રીવાજ છે—"

"રીવાજ ! રીવાજ ! રીવાજ ! આપણા રીવાજો પણ કોઇ રાક્ષસે ઘડી આપ્યા હશે ! જા. આજથી હું એવો રીવાજ પાડું છું કે કોઇ વીધવાએ હજામ પાસે મુંડો કરાવવોજ નહી."

"તે નહી ચાલે. રાંડ કાળ મુખી ! તું મારે પેટ પથરો પાકી હોત, તો ધોબ્યાને ધુમાડા ધોવા ખપ લાગતે—"

"તો સમજી લે કે હું પત્થર છું ! મારા શરીર પર કોઇ ધોબી પાસે કપડાં ધોવાડ—હું ખુશીથી જડ પત્થર જેવી પડી રહીશ—એક ચકાર પણ નહી કરૂં—પણ આ જુલમ, આ સીતમ, આ રાક્ષસી કૃત્ય બંધ કરો—"

"મંછીબ્હેન! એ વંતરી સાથે આપણાથી જીભ નહી દુખવાય. તમે સુઇ જાઓ. સવારે વહેલી કાં'ણુ માંડવાની છે–"

મંછી અને જમના લીલીના કકળાટની પરવા કર્યા વીના બીછાનાપર પડી, અને થોડીજવારમાં બંને ઘોરવા મંડી. લીલા બીલાડીની પેઠે હળવા પગે અગાશીમાં ગઇ. ચંદ્રકાંત શીવાય તેને કોઇનો આશરો ન્હોતો. કેટ– બાર દીવસથી તે પ્રીયતમને મળી ન્હોતી. તેના પર હાલે મળસકે અમાનુષી જુલ્મ ગુજરવાનો છે એ વાત ચંદ્રકાંત જાણુતોજ હશે, અને તેથી કોઇ પણ બહાને તેને મળવાને ક્યાંક છુપાયો હશે, એવી આશાથી તે અગાશીમાં ગઇ. તેની આશા ફળી. ચંદ્રકાંતે લીલાને પોતાની અગાશીમાં લઇ તેને છાતી સરસી ચાંપી લઇ કહ્યું: "લીલી! વ્હાલી? જરા પણ ગભરાતી ના. મારા બાપુ બહાર ગામ ગયા છે, અને મેં યુવકસંઘ સાથે મળી તારી મુંડન ક્રિયા અટકાવવાની પ્રતીજ્ઞા લીધી છે."

"ઓ વ્હાલા! તમે ન હોત, તો હું આજે ઝેર ખાઇને મરી જાત."

"ગભરા ના. જા અમે સવારના પહોરમાં તારૂં રક્ષણ કરવા આવી પહોંચીશું."

પ્રેમીઓ એટલીજ વાતચીત કરી છુટા પડયાં.

સવારના ચાર વાગતામાં નાતના બૈરાંઓ ભેગાં થઇ ગયાં. જમના અને મંછી કચ્છ વાળીને કુટવાના મેદાનમાં સજ્જ થઇ ઉભી હતી. જમનાની બાજુમાં લીલા ઘુમટો વાળી હસી રહી હતી. બૈરાંઓએ કરૂણ રાજીઆ ગાયા–છેડા વાળ્યા–તાલ સુર સાથે કુટીને નરોતમને સ્વર્ગમાં જે જે ચાજે જોઇએ, તે આપવાની યમરાજાને વીનંતી કરી અને પછી હજામ આવ્યો.

"ચાલ લીલી! અહીં બેસ–" હજામને પટપટી પર અસ્ત્રો ઘસતો જોઇ જમનાએ ઉતાવળ કરી.

"એ હીરા! ચાલ્યો જા અહીંથી—તારું કંઇ કામ નથી—" લીલા સીંહણની પેઠે બરાડી. હીરો હજામ તો સડકજ થઇ ગયો.

"ઓ મારે! ધણી જેવો ધણી મરી ગયો, અને આ બૈરી વાળ કઢાવવાની ના પાડે છે. કળકળતો કળજુગ આવ્યો—" જુના વીચારની ડોકરીઓ બબડવા લાગી.

"મંછીબ્હેન! પકડો આ રાંડને! એ એના મનમાં સમજે છે શું?—" કહી જમનીએ લીલાનો એક હાથ પકડ્યો. મંછીએ બીજો હાથ ઝાલ્યો અને જાણે લીલા મુએલું ઢોર હોયની તેમ તેને ઘસડીને બંને રાક્ષસી હજામ પાસે લઇ ગઇ. લીલા હાથ પગ પછાડવા લાગી.

"બ્હેન! જરા પણ અસ્ત્રો નહી લગાડું હો!—" હીરાએ લીલાને શાંતી આપી, અને હજુ તો લીલાના માથા પર હાથ મૂકે છે એટલામાં ચાર પાંચ જુવાનો સાથે દોડી આવી ચંદ્રકાંત બરાડ્યો: "ખબરદાર! હીરા! કાળું કર અહીંથી; નહી તો હાડકાં ખોખરા કરી નાંખીશ—"

લાઠીથી સજ્જ થયલા જુવાનોને જોઇને હીરો હજામ તો તોબરું લઇને ઉંભી પૂછડીએ નાસીજ ગયો.



પ્રકરણ ૧૧ મું.

લીલા અને કંચન.

"મારા પીટયાઓ! અહીં તમારા બાપનું શું દાટયું છે કે ધાંધલ કરવા આવ્યા છો! ભુંડા! તને શરમ નથી આવતી? તારા બાપને કહેવા દે..." મંજીએ યુવાનોએ હીરા હજામને નસાડી મુકયો તે જોઇ મીજાજ ગુમાવ્યો. બીજા બૈરાંઓમાંથી જુના વીચારની બાઇઓ આ ઉદ્ધત અને નાસ્તીક છોકરાઓને ગાળો દેવા લાગી. કેટલીક જુવાન બાઇઓને આ તેજસ્વી યુવાનોનું જુંડ ગમી ગયું કેમકે તેઓને પણ કદાચ વીધવા થવું પડે તો મણીના કાકાને હાથે પોતાની ખુબસુરતીનું ખુન થાય તે પસંદ ન્હોતું. જમના અને મંજી બેનાજ દીલમાં ધર્મરૂપી ભૂત દાખલ થયું હતું.

"જમલા! જા-દોડ પણ હજામને બોલાવી લાવ..." જમનાએ નોકરને હુકમ કર્યો.

"જગલા!..." ચંદ્રકાંત બરાડયો: "આ લાકડી જોઇ છે કે? જો તું એક પણ ડગલું આગળ વધ્યો તો તારી ખોપરી તોડી નાંખીશ. લીલી! ચાલ, મારી સાથે ચાલ...."

ચંદ્રકાંતના આ શબ્દો સાંભળતાંજ લીલી તેની પાસે દોડી ગઇ. ફળીઆના ઠેકરા પર આ તમાસો જોવાને હજારેક માણસો ભેગા થઇ ગયા હતા. યુવાનોએ મચાવેલી ધાંધલમાં લેટ બે કલાક વહી ગયા હતા અને રહેદારૂ પડી ગયું હતું એટલે જેઓ આ રસ્તેથી પસાર થતા તેઓ આ રમુજી તમાસો જોઇને ઉભા રહી જતા. તેઓમાં કેટલાક લાંબા ટીલા તાણીને જેજે કરતા જતા હતા—કેટલાક બામણભાઇઓ ખભે ઝોળી લટકાવી આદમ

પર નોમ કરવા જતા હતા—કેટલીક સ્ત્રીઓ પણ અહીં ભેગી થઇ હતી જુવાન પુરૂષો લીલીની ખુબસુરતીની તારીફ કરતા હતા. કોઇ સુધારકને લીલીની દયા આવતી હતી તો કોઇ ધર્મઘેલો હડહડતો કળજુગ આવવાથી પૃથ્વી માતા માર્ગ આપે તો આ પાપી દુનીઆમાંથી પરલોકમાં ચાલ્યો જવાને તૈયાર થઇ ગયો હતો.

લીલી પોતાના વહાલા પાસે જઇ ઉભી. ચંદ્રકાંતે વહાલથી તેનો હાથ પકડયો. આ નીર્લજ્જતા જમનાથી સહન થઇ નહી. તેના માથા પર આકાશ તુટી પડયું. તેને આકાશમાંથી દમયંતી, સીતા ને સાવીત્રીની આકાશવાણી સંભળાઇ કે આ નીચ કુલટા લીલાને બાળીને ભસ્મીભુત કરી નાખ, પણ હડહડતા કલજુગમાં જમનાના જમણા અંગુઠામાંથી અગ્ની પ્રગટ થયો નહી અને તે લીલાને કટકે કટકે ગાળ દેવા લાગી.

"રાંડ નફટ! વંઠેલ! ક્યાં મરે છે?"

"બા! પ્રણામ! હું જાઉં છું...."

"ક્યાં?"

"મારા પતીને ત્યાં હીંદુ સમાજની કોઇ કન્યા આવી રીતે સાસરે નહી ગઇ હોય! બા! ખુશી થા, આજથી હું એવો રીવાજ પાડું છું કે, ઘરડા પતીની વીધવાઓ ધણીના દમામને હીનેજ પોતાના સાચા પ્રિયતમનું ઘર માંડવું..."

"ઓ મા! હું શું કરૂં? આ મુઆ વંઠેલાઓ મારી દીકરીને ઉપાડી ચાલ્યા રે મારી માવડી!–" જમનાએ ઠેઉ મુક્યો. લોકો તમાસો જોઇ હસી રહ્યા. ચંદ્રકાંત કોઇની પણ પરવા કર્યા વીના લીલાને લઇ ટોળામાંથી બહાર નીકળી ગયો.

ચંદ્રકાંત પીતાની ગેરહાજરીમાં લીલા સાથે પુનર્લગ્ન કરી નાંખવાનો નક્કી કર્યો હતો. તેનું હૃદય પવીત્ર હતું. તે પ્રેમના વીમલ પરીમલનો ભક્ત હતો. લીલાને તે વીધવા માનતોજ ન્હોતો. માબાપના જુલમથી બળાત્કારે વૃદ્ધ પતીને પનારે પડી ગંગા સ્વરૂપા થયલી લીલા તેને મન કુંવારી કન્યા હતી.

તે લીલાને તેની મહેલી કંચનને ત્યાં મુકી આવ્યો. લીલા હીંદુ સમાજના ગોઝારા જુલમમાંથી બચી ગઇ તે જોઇને કંચન રાજી રાજી થઇ ગઇ. તેણે લીલાને છાતી સરસી ચાંપી લઇ ચંદ્રકાંતને ધન્યવાદ આપ્યો.

"કંચનબ્હેન! હું મારી લીલીને તમારે આશરે મુકી જાઉં છું. ગમે તેમ થાય, પણ એના માબાપને એનો કબજો ના સોંપતા. હું કાયદાસર બે ત્રણ દીવસમાંજ એની સાથે લગ્ન કરી નાખીશ."

"તમે જરા પણ ફીકર ન કરો. બનેલો ચમરબંધી પણ લીલીને મારી પાસેથી લઇ જઇ શકશે નહી." કંચન હસીને બોલી. અને ચંદ્રકાંત વીદાય થયો.

"કેમ? લીલી! કેવું લાગે છે?" લીલીનો પ્રીયતમ ગયા પછી કંચન બોલી.

"શું?"

"જીવન! અત્યંત મધુર લાગે છે ખરૂંને? જાણે અનંત વસંત-અગાધ જ્યોત્સના! એવા રમ્ય પ્રેમ જીવન આગળ અમારી જેવીનું જીવન કુચ્છ બીસાતનું નથી!"

"કેવી રીતે?"

"ટ્રેનમાં બેસીને જનારને પગે ચાલનારાઓ કોડી કીંમતના જણાય છે તેવી રીતે!—"

"એ વળી કોણે કહ્યું?"

"અરે! ગાંડી! એવી વાતો પણ મ્હોડે કહેવાતી હશે! આંખોથી પણ વાત થઇ શકે છે."

"કેવી વાતો!"

"એ વાતનો અર્થ એવો થાય છે કે આ દુનીઆમાં બધા માણસો નકામી જંજાળમાં ગોથા ખાવા કરે છે અને જે કંઇ મઝા છે તે અમે બે જણ લુંટી રહ્યા છીએ !"

"બે જણ કોણ ?"

"લીલી ને ચંદ્રકાંત..." કંચન લીલીના ગાલપર વ્હાલથી ધીમો તમાચો મારી બોલી.

"જાઓ ! તમારી સાથે નહી બોલું..."

"અરે ! ગાંડી ! ગુસ્સે શા માટે થાય છે ? મેં પણ દુનીઆ જોઇ છે, પ્રેમીઓ પ્રથમ પ્રેમમાં કેવા કેવા સ્વપ્ના જુએ છે તે હું પણ જાણું છું. "મીલનમેં સબ ગંવાયા–વીરહમેં સબ પાયા" નો કારસ મેં પણ જોયો છે હો!"

"હેં કંચનબહેન ! તમે પણ પ્રેમમાં પડ્યાં હતાં ?"

"હા. હું પણ પ્રેમમાં પડી હતી. મારી પ્રેમ કહાણી તેં સાંભળી નથી."

"નહી. સંભળાવોને !"

"માની લે કે યુવાન અને યુવતીએ એકબીજાને કદી જોયાં નથી. કદી એકબીજાના નામ સાંભળ્યા નથી. છતાં બન્ને વચ્ચે પ્રેમ થશે."

"વગર જોયે પ્રેમ થશે ?"

"હા...વગર જોયે પ્રેમ થશે." કંચને હસીને નયન નચાવ્યાં.

"એ વાત માની શકાતી નથી."

"ત્યારે તું કવીજ નથી. કવીતાની ભાષામાં આવા પ્રેમને પૂર્વાનુરાગ કહે છે."

"વારુ પછી ?"

"પછી એક સુમંગલ સંધ્યામાં, સુરમ્ય ઉપવનની લીલમલીલી ઘટામાં બન્ને પ્રેમીઓનું મીલન–ચાર આંખોનું મળવું–પ્રીયતમાનું લજ્જાથી નયન નીચાં ઢાળી દેવું અને પ્રીયતમે પ્રેમની ભીક્ષા માંગવી..."

લીલા હસી : "હં પછી ?"

"પછી સખીનો પ્રવેશ !..."

"સખીની શી જરૂર ?"

"અરે! ગાંડી! સખી ન હોય તો પ્રેમની દુતી તરીકે બેઉના પ્રેમ પત્રો કોણ લઇ જાય અને પ્રેમીકા પ્રેમનાં ગીતડાં કોની પાસે ગાય ?"

"ઠીક ભાઇ !...."

"હું તારો ભાઇ નથી...."

બંને ખડખડ હસી પડી.

"વારૂ પછી ?" લીલીએ પુછયું.

"પછી વળી શું ? વીદાય થતાં પ્રિયતમે નીઃશ્વાસ નાંખવો, પ્રેયસીએ જતાં જતાં ફુલના છોડ સાથે ભેરવાયલી સાડી કાઢવાને બહાને પાછું ફરી ફરીને જોવું—સખીએ મશ્કરી કરવી અને પરદો પડવો..."

"પછી ?"

"પછી બંનેના લગ્ન થવા..."

"પછી ?"

"પછી શું થયું તે કોઇ નવલકથાકાર કે નાટકકારે લખ્યું નથી..."

"વારૂ-પછીની વાત હું કહું-"

"કહે-"

"પછીની સ્થીતી બહુ ભયંકર છે. લગ્ન થયા પછી બેકજ વર્ષમાં પતી પત્ની પ્રીયતમ અને પ્રેયસી શબ્દને પોતાના શબ્દ કોષમાંથી ભુંસી નાંખે છે. પત્ની રોજ ઉઠીને ઘરેણાં ને સાડીઓ માટે ઝઘડો કરે છે-પતીરાજ હાય! પૈસા! હાય! સંસાર કરતા રાત દીવસ મહેનત કરીને મરી જાય છે-રાતે સુતી વખતે પણ લુગડાં ને ઘરેણાંનીજ માંગણી થાય છે-પ્રેમની કવીતા સુકાઇ જાય છે-મચ્છરો ગણગણે છે અને પતીરાજ પડખું વાળી ઘોરવા માંડે છે !"

"હાહાહા! આ વાતની તને શી રીતે ખબર પડી ?"

"કલ્પનાથી ! તમારામાં તો કલ્પના બળીજ નથી."

"તારા જેટલી નથી-" કહી કંચને લીલાને વ્હાલથી પોતાની સોડમાં દાબી.

પ્રકરણ ૧૨ મું.

બાપાજી નડયા.

ચંદ્રકાંત બી. એ. થયો હતો. નવયુગના નવા વીચારો તેના હૃદયમાં રાજ કરતા હતા. ભારતવર્ષ જગતમાં પોતાનું માનભર્યું સ્થાન મેળવી હીંદીઓ સ્વરાજ્યના લ્હાવા લેતા થાય એવો મંગળ દીન જોવાની તેને હોંસ હતી. તે માનતો હતો કે સમાજની નવરચના કર્યા વીના હીંદુઓનો દહાડો વળવાનો નથી. હીંદુ સ્ત્રીઓની દશા ગુલામ જેવી છે; જગતની માતાઓ આ હીનભાગી દશામાં મોંઘી મજુરણો અને વીષયવાસના સંતોષનાર યંત્ર જેવી ગણાય છે તે જોઇને તેની છાતી ચીરાઇ જતી હતી. લાકડે માકડાં વળગાડનારા હીંદુઓનો તે કટ્ટો દુશ્મન હતો. આ દેશમાં અઢી કરોડ વીધવાઓ અંધારામાં ઉન્હા આંસુ સારી રહી છે. જે સમાજ બાવન લાખ બાવાઓને જલેબી ને ગાંઠીઆ ખવડાવી ઉપરથી ભાંગ ને ગાંજા પાવામાં ધર્મ સમજે છે તેજ સમાજ અઢી કરોડ વીધવાઓના ઉન્હા નીસાસાથી શ્રાપીત થયલો છે. આ વીધવાઓ અને અંત્યજોને હીંદુઓ ન્યાય નહી આપે ત્યાં સુધી તેઓ દુનીઆમાં ઉંચે મસ્તકે ફરી શકવાના નથી તે વીષે ચંદ્રકાંતને લેશ માત્ર શંકા ન્હોતી.

લીલાને તેણે પ્રથમથીજ પોતાના પ્રેમ મંદીરની દેવી તરીકે નક્કી કરી હતી. તે બી. એ. થયા પછી પોતાના પીતાને કહી લીલાના હાથનું માગું કરવાનો હતો. પણ એટલામાં લીલાના સ્વાર્થી બાપે તેને વૃદ્ધ નરોતમને વેચી નાંખી, અને લીલાને કપાળે હીંદુઓએ "વીધવા"ની છાપ મારી. તેનાથી સારાં વસ્ત્રાભુષણ પહેરાય નહી, મંગલ કાર્યમાં ભાગ લેવાય નહી.

ડોસીથી જુવાન જીંદગી હોવા છતાં કોઇ સાથે હસીને વાત થાય નહી, અને પુનર્લગ્નનું તો નામ પણ નહી લેવાય! રામ અને સીતા, ભીષ્મ પીતામહ અને યુધીષ્ઠીર, પ્રતાપ અને શીવાજીના વારસો હોવાથી દીન મારી ભુતકાળના ગૌરવ પર કીર્તીનું દેવાળું ફુંકી રહેલી હીંદુ સમાજના વીધવાઓ માટેના આ લોખંડી કાયદા હતા. જુવાન વીધવા મંદીરે મંદીરે વેવલીની માફક સહવાર બપોર ને સાંજ રખડતી ફરે, ભંગેરી મુખીઆઓ અને દુરાચારી ચોબાઓ સાથે મીઠી ઠાઠા કરે, રાધાકૃષ્ણની ભકતીને નામે શૃંગારથી રસબસ થતાં ડોળ ગાય, છુપાં અનાચાર કરી ભૃણ હત્યા જેવું ઘોર પાપ કરે તેની આ આંધળી સમાજને દરકાર નથી. હીંદુ સમાજને તો છડેચોક પુનર્લગ્ન કરી આબરૂદાર સંસારી જીંદગી ગાળનારી વીધવા સાથેજ બારમો ચંદ્રમા છે. ચંદ્રકાંત આ જડ સમાજથી કંટાળી ગયો હતો. તેને પ્રેમજીવન–રસજીવનના સ્વર્ગીય લ્હાવા લેવા હતા અને સમાજ ગમે તેમ કરે તો પણ લીલીને પોતાની દેવી બનાવવાનો તેણે નીશ્ચય કર્યો હતો. આ નીશ્ચયને લીધેજ તેણે નરોતમના દલમાને દીને લીલીના ખુબસુરતીનું ખુન થતું અટકાવ્યું હતું.

ચંદ્રકાંત લીલાને કંચનને ત્યાં લઇ ગયો એટલે આખી શ્રીમાળી વણીક જ્ઞાતીમાં હોહાકાર થઇ રહ્યો. તેને સનાતન ધર્મના થાંભલાઓએ ફટકે ફટકે ગાળ દઇ "વટેલ"ની ઉપમા આપી. નાતના શેઠે તેના પીતા ભગવાનદાસ પર તાર કરી ચંદ્રકાંતે કરેલા ઉલ્કાપાતની ખબર આપી અને ભગવાનદાસ તરતજ સુરત આવી પહોંચ્યો. પોતાના પીતાને અણધાર્યા આવી પહોંચેલા જોઇ ચંદ્રકાંત સમજી ગયો કે તેના સામાજીક બંડથી પોક મુકતા કોઇ મનુ અથવા યાજ્ઞવલ્કયને શાંત પાડવા માટે ડોસો દોડી આવ્યો છે.

"ચંદુ! આ શું હોળી માંડી છે?" ઘરમાં પગ મુકવાની સાથે ભગવાનદાસે ગોળીબાર કર્યો.

"શું છે પીતાજી ?"

"અરે ! નફ્ટ ! હજુ મને પુછે છે કે શું છે ? તેં મારી આબરૂનું ધીબાંડ કરવા ધાર્યું છે ?"

"તમે શાંતીથી બેસો..."

"શું બેસું ? મારૂં કપાળ ! તારા જેવો અકરમી અને અધરમી દીકરો મારે પેટે ન પાક્યો હોત તો સારૂં થાત !..."

"પીતાજી ! મેં એવો તે શો ગુન્હો કર્યો છે ?"

"કર્મચંડાળ ! તેં મારી સાત પેઢીનું નામ બોળ્યું. તું વીધવા લીલાને ક્યાં લઇ ગયો છે ?"

"પીતાજી ! હું પાંચ વરસનો નાદાન બાળક નથી. તમે જેને ધર્મ કહો છો તેને હું પાપ કહું છું. સાંભળો ! લીલી સાથે હું પરણવાનો છું."

"શું ? એ રાંડ વંઠેલ વીધવા સાથે !"

"પીતાજી ! તમે તમારી પુત્રવધુને ગાળ દો છો તેનો ખ્યાલ રાખો."

"હું કદી પણ એ લગન થવા દઇશ નહી."

"એ જમાના ગયા કે જ્યારે માબાપો દીકરાઓ માટે પોતાને ગમતી ઢીંગલી લઇ આવતા હતા. પીતાજી ! લગન બચ્ચાબાલાના ખેલ નથી. હું લીલા સાથે લગન કરવાની પ્રતીજ્ઞા લઇ બેઠો છું..."

"તો જા ! મારા ઘરમાંથી નીકળ...."

"જેવી આપની ઇચ્છા ! આપ સુખી થાઓ. મને આપની દોલતની પરવા નથી. હું મારા બાહુબળથી મારૂં ને મારી લીલીનું ગુજરાન કરવાને શક્તીવાન છું..."

"તો નીકળ મારા ઘરમાંથી ! તારૂં કાળું મ્હોં મને કદી બતાવતો નહી."

"ભલે ! આશીર્વાદ આપો. પીતાજી ! હું રજા લઉં છું."

ચંદ્રકાંત પીતાના ગુસ્સાની પરવા કર્યા વીના ઘરમાંથી વીદાય થઇ ગયો. તેનો અંતરાત્મા પોકાર મારતો હતો કે તે જે કરે છે તેજ સત્ય ધર્મ છે !

તે સીધો કંચનને ત્યાં ગયો. લીલી તેને વ્હાલથી ભેટી પડી. ચંદ્રકાંતે તેને ઘેર બનેલા બનાવની વાત કરી.

"વ્હાલા ! મારે માટે તમે શા માટે ઘર તજો છો ?"

"વ્હાલી લીલી ! તારે માટે જગતની સલ્તનત છોડવી પડે તો તેની પણ મને દરકાર નથી."

લીલાને પ્રીયતમ પર વ્હાલનો ઉમળકો આવવાથી તે ચંદ્રકાંતને પ્રાગલની પેઠે ચુમી લેવા લાગી.

તેજ દીને "વીડો રીમેરેજ એક્ટ" ની રૂએ ચંદ્રકાંતે લીલા સાથે પોતાનું પુનર્લગ્ન રજીસ્ટર કરાવ્યું અને આર્યસમાજ મંદીરમાં વૈદીક વીધીથી બન્ને પતીપત્ની બન્યા. લીલા અને ચંદ્રકાંત બન્નેના માબાપની ખોટી અછાડપછાડ નકામી ગઇ.

"વ્હાલા ! આપણા સમાજમાં બધાજ દંપતી આપણા જેવા હોય તો ?"

"તો હીંદુસ્થાન સ્વર્ગ બની જાય ! વ્હાલી !"

આ રીતે નરોતમની નવી ચંદ્રકાંતની પ્રીયતમા થઇ.

સમ્પુર્ણ.

આ પુસ્તક **દેશી મિત્ર પ્રેસ** (સુરત, લીમડાચોક)માં **મી. મગનલાલ વનમાળીદાસે** છાપીને પ્રગટ કર્યું છે.